
૧
આત્મધર્મ
માસિક : વર્ષ-૮ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૪
અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો
૧૨૫મો જન્મોત્સવ
ધન્ય જન્મદિન મારા વ્હાલા ગુરુરાજનો.....
સ્વર્ગપુરીથી, ઇન્દ્રો પધારે.....
વૈમાનિક દેવ બની, માતા પધારે....
શાશ્વત રત્નથી, ગુરુને વધાવે રે......

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકારક અને નિરુપદ્રવ છે. તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત્ મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. ૧૪૧૦. (શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, લોકાનુપ્રેક્ષા, ગાથા-૨૮)

✻ સદૈવ જીવો એમ કરો કે જેથી આત્મા આત્માનો દ્રોહી ન થાય. જિનાગમમાં કહ્યું છે કે પોતાના અવલોકનથી શુદ્ધ-ઉપયોગ થાય, પરનો વિયોગ થાય, સહજ ઓળખાય, ત્રણ લોકનો નાથ પોતે છે. વિખ્યાત નિજ અનુરાગ વડે વીતરાગભાવને ધારણ કરો; આ દાવ પામ્યા છો, ફરી આવો ઉપાય મળવાનો નથી, માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો! તેથી માનસ્થંભને મટાડી, માયાજાળને જલાવી, ક્રોધ—અગ્નિ બુઝાવી, લોભ-લહરીઓને મટાડી તથા વિષયભાવનાને ન ભાવી, આ ચિદાનંદ રાયપદને દેખો! દેખો! પોતે પોતાને ગવેષો! પર વેદનની ઉચ્છેદના કરી, સહજભાવ ધારણ કરી, અંતર્વેદી થઈ અને આનંદધારાને નિહાળી, નિશ્ચયરૂપ પરમાત્માને દેખો! ૧૪૧૧.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ—૫૮)

✻ આત્મા સાક્ષાત્ પરમાત્મરૂપ છે. જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યોનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે, તેને ચોર કેવી રીતે લઈ શકે? બીજાં મનુષ્યોને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોર-ભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૧૪૧૨.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૫૫)

✻ પ્રાણી સંસારરૂપ વનમેં પરિભ્રમણ કરતા હુઆ ઈન્દ્ર, ધરણેન્દ્ર ઔર ચક્રવર્તીકી સબ સંપત્તિયોંકો તો સુખપૂર્વક પા લેતા હૈ, પરંતુ ઈસ પ્રકારસે વહ સમસ્ત દુઃખોંકો નષ્ટ કરનેવાલે પવિત્ર સમ્યગ્દર્શનકો નહીં પ્રાપ્ત કર પાતા હૈ. ૧૪૧૩. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૧૫૪)

વર્ષ–૮
અંક–૮




સંવત
૨૦૭૦
April
A.D. 2014

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી મંગળ જન્મજયંતી નિમિત્તે

# તત્ત્વબોધક વચનામૃત

## જીવનનું ધ્યેય

આ મનુષ્યપર્યાયમાં અવતાર લઈને કરવાયોગ્ય કાર્ય કહો અથવા જીવનનું ધ્યેય કહો–તે એ છે કે પોતાના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ કરી અને પછી તેમાં એકાગ્રતા કરવી. પોતાના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ વગર દયાદિના શુભભાવ પણ જીવે પૂર્વે અનંતવાર કરેલ છે. તે કાંઈ જીવનનું ધ્યેય નથી.

આ દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરીને જેણે પોતાનું હિત કરવું છે, કલ્યાણ કરવું છે, તેણે ''બીજાનું કાંઈક કરું''—એવી કર્તૃત્વબુદ્ધિ છોડી દેવી જોઈએ અને પોતે પોતાના આત્મસ્વરૂપની સાચી સમજણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## આત્મઉન્નતિનો ઉપાય : સમ્યક્ત્વાદિ ભાવના

હે ભવ્ય ! અગર તને મુક્તિની ભાવના છે–ભવભ્રમણ અર્થાત્ દુઃખથી છૂટવાની ઈચ્છા છે, શુદ્ધતા પ્રાપ્ત કરવાની અભિલાષા છે તો જિનશાસનમાં કહ્યા પ્રમાણે સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવોની તૂ ઉપાસના કર અને રાગાદિ વિભાવભાવ છોડી દે. ધર્માત્માને રાગની ભાવના હોતી નથી. તેને તો નિજ શુદ્ધાત્માની જ ભાવના હોય છે. જિનશાસનમાં એમ ઉપદેશ છે કે : હે ચૈતન્ય! તૂં સ્વસન્મુખ થા. સ્વસન્મુખ થવું જ આત્મજાગ્રતિનો એકમાત્ર ઉપાય છે. સ્વસન્મુખતામાં જ તારું કલ્યાણ છે. તેમાં જ મોક્ષમાર્ગ છે. અરે બંધુ ! આત્મા શું છે તેની ઓળખાણ કર્યા વગર તને આત્મજાગ્રતિ ક્યાંથી થાશે?

શત-ઇન્દ્રવંદિત, ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## મુક્તિસુંદરીનો નાથ

અહો! મોક્ષમાર્ગમાં સ્થિત મુનિવરોની અનુપમ દશા ! આ તો પરમેશ્વરનો માર્ગ છે. જૈન મુનિવર ભગવાનને મળવા નીકળ્યા છે.

ભગવાનને મળવાનું કેવી રીતે થાય છે? મુનિવરોને તો અંતરમાં શ્રદ્ધા-જ્ઞાનમાં તો ભગવાન મળી ગયા છે. હવે તે અંતરમાં લીન થઈ પૂર્ણાનંદમય ભગવાનની સાધના કરી રહ્યા છે.

નિજ જ્ઞાયક ભગવાનને પૂર્ણરૂપથી મળવા માટે નીકળેલ મોક્ષમાર્ગી મુનિવર આનંદસાગરમાં ઝૂલે છે. અંતરના ચૈતન્યસમુદ્રમાં તેને શાંતિની ભરતી આવે છે. આનંદનો સમુદ્ર ઊછળે છે....રોમે રોમમાં સમાધિ પરિણમી ગઈ છે. અહો! આવા મુનિ! જાણે ચાલતા-ફરતા સિદ્ધ!......આવી અદ્‌ભુત તેમની દશા છે.

મુક્તિસુંદરી કહે છે હું આવા શુદ્ધ રત્નત્રયસાધક મુનિવરોની સાથે જ પરણું છું. આવા મોક્ષમાર્ગગામી મુનિઓ જ મુક્તિસુંદરીના નાથ હોય છે. જય હો તે મુક્તિસુંદરીના નાથને !

## સરળ દૃષ્ટાંત : મહાન સિદ્ધાંત

જેવી રીતે ચણાના સ્વભાવમાં મિઠાસની શક્તિ ભરી છે. કાચો હોવાથી તે તૂરો લાગે છે. જમીનમાં વાવવાથી તે ઊગે છે પરંતુ તેને શેકવાથી તેમાં પડેલ મીઠો સ્વાદ પ્રગટ થાય છે અને પછી ઉગતો નથી.

તેવી રીતે આત્મામાં મીઠાશ અર્થાત્ અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે ભરેલ છે. પરંતુ તે શક્તિને ભૂલીને ''રાગાદિ છે તે હું છું, શરીર તે હું છું'' એવી અજ્ઞાનરૂપી ભ્રાંતિને લીધે તેને પોતાના આનંદનો અનુભવ નથી અને આકુળતાનો અનુભવ છે અને ભિન્ન-ભિન્ન અવતાર ધારણ કરી જન્મ-મરણના દુઃખ ભોગવે છે.

પોતાના સ્વરૂપસન્મુખ થઈ તેમાં એકાગ્રતારૂપ અગ્નિથી શેકવાથી સ્વભાવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે અને ફરી નવો અવતાર લેવો પડતો નથી.

## શુદ્ધાત્માના ધ્યેયથી સિદ્ધ જેવો આનંદ

બહારના સંયોગ-વિયોગમાં હર્ષ-શોક કરી તેના વેદનમાં અજ્ઞાની એવો મૂર્ચ્છાઈ

આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સુણજો તમે;
જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

જાય છે કે તે ભિન્ન-ભિન્ન આત્માનું અસ્તિત્વ જ ભૂલી જાય છે. જરાક પ્રતિકૂળતા આવે તો એવો દબાઈ જાય છે કે જેમ આત્મા જ ખોવાઈ ગયો હોય, પરંતુ અરે ભાઈ! આવા સંયોગ-વિયોગ સંસારીને ન આવે તો શું સિદ્ધને આવે? સંયોગ-વિયોગ અથવા હર્ષ-શોક સિદ્ધ ભગવાનને હોતા નથી, નીચેની દશામાં તે હોય છે, પરંતુ તે હોવા છતાં પણ 'હું તો તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવી સિદ્ધ સમાન છું' એમ શુદ્ધ આત્માને ધ્યેયરૂપ રાખી તેના તરફ ઝૂકાવ કર તો તારું પરિણમન સિદ્ધદશા તરફ થયા કરે અને સિદ્ધ ભગવાન જેવા અતીન્દ્રિય આનંદમાં (વેદનમાં) વૃદ્ધિ થાય.

## સુખ ઇષ્ટ : દુઃખ અનિષ્ટ

જીવમાત્રને સુખ ઈષ્ટ છે, દુઃખ ઈષ્ટ નથી. મોક્ષપદ જ આત્માને પરમ સુખરૂપ છે; બાહ્યમાં સુખ નથી. અગર બાહ્યમાં સુખ હોત તો તીર્થંકર, ચક્રવર્તી ઈત્યાદિ મહાપુરુષ રાજ્યાદિ વૈભવ છોડી વનમાં કેમ ચાલ્યા ગયા? અને ભૌતિક વૈભવને છોડી ભિન્ન નિજ આત્મસાધનામાં કેમ લીન થઈ ગયા? તે મહાપુરુષોએ એમ જોયું કે આત્મામાં જ સુખ છે; સંયોગમાં કાંઈ જ સુખ નથી; તેથી સંયોગ તરફનું વલણ બદલીને તે આત્મસ્વભાવમાં લીન થઈ ગયા.

## સ્વસન્મુખતા સુખની જનની : પરસન્મુખતા દુઃખની જનની

હે જીવ! એકવાર એવો દૃઢ વિશ્વાસ કર કે અન્તર્મુખ થવાથી જ મારું હિત છે—સુખ છે, બહિર્મુખ ભાવમાં મારું હિત-સુખ કાંઈ જ નથી. એવો દૃઢ વિશ્વાસ કરશે તો અંદર સ્વસન્મુખ થવાનો અવસર આવશે અને તારું હિત થશે, તને અવિનાશી સુખ પ્રાપ્ત થશે. સ્વભાવ સન્મુખ એકાગ્રતા તે સુખની જનની છે અને સંયોગ સન્મુખ એકાગ્રતા અર્થાત્ વિષયોની તૃષ્ણા તે દુઃખની જનની છે.

## ઝગમગતો સૂર્ય

જ્યાં નિઃશંકતા અને નિર્ભયતાથી ઝગમગતો સમ્યક્ત્વરૂપી સૂર્ય ઊગ્યો, ત્યાં તે સૂર્યનો પ્રતાપ આઠે કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે. સમ્યક્દૃષ્ટિ અલ્પકાળમાં બધા કર્મોનો ક્ષય કરી સિદ્ધપદને પ્રાપ્ત કરે છે—તે સમ્યગ્દર્શનનો પ્રતાપ છે.

સમ્યક્દર્શન કાંઈ સંયોગના અવલંબનથી થયું નથી કે સંયોગ તેનો નાશ કરી દે?

**સમવાદ વા સમવાય પાંચ તણો સમય—ભાખ્યું જિને;**
**તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

—નહીં; સમ્યક્દર્શન તો નિત્ય સ્વભાવના આલંબનથી થયેલ છે, તેથી જ્ઞાનસ્વભાવના અવલંબનથી ધર્માત્મા નિઃશંકરૂપે વર્તે છે; બાહ્ય સંયોગનાં ભયથી તે કદી નિજસ્વરૂપમાં શંકિત થતા નથી.

## શ્રીગુરુની સેવાનો પ્રસાદ

ગુણોમાં મહાન એવા શ્રીગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી નિર્મળ ચિત્તવાળા પુરુષો પોતાના અંતરમાં ચૈતન્ય-પરમતત્ત્વનો અનુભવ કરે છે. જુઓ! આ ગુરુ અને તેમની સેવાનો પ્રસાદ! ગુરુ ગુણોમાં મહાન હોય છે તેથી સમ્યક્દર્શનાદિ ગુણોથી જે મહાન છે એવા ગુરુ શિષ્યને કહે છે કે—''શરીરમાં રહેવા છતાં જે શરીરથી ભિન્ન છે એવા પોતાના પરમ ચૈતન્યતત્ત્વનો અંતરમાં અવલોકન કર—શરીરમાં સ્થિત હોવા છતાં ચૈતન્યનો અનુભવ થાય છે.'' ગુરુનાં આવા વચનો સાંભળી નિર્મળ ચિત્તવાળો શિષ્ય અંતરમાં તદ્રૂપ પરિણમી જાય છે....ગુણોમાં મહાન ગુરુ જેમ કહે છે તેમ શિષ્ય પરિણમી જાય છે—તે જ ગુરુના ચરણોની પરમ સેવા છે.....અને એવા સેવાના પ્રસાદથી તે શિષ્ય અંતરમાં પોતાના આત્માનો અનુભવ કરે છે.

પ્રશ્ન : સમ્યગ્દર્શન થતું નથી તે પુરુષાર્થની નબળાઈ સમજવી કે કેમ?

ઉત્તર : વિપરીતતાને કારણે સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની મંદતાથી ચારિત્ર અટકે છે; તેના બદલે સમ્યગ્દર્શન નહીં થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી, એ તો પહાડ જેવા મહા દોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે પહાડ જેવી ઊંધી માન્યતાના દોષને ભેદી શકે નહીં.

## સમ્યક્ત્વી હંસ

આત્માના ચૈતન્ય સરોવરનાં શાંતજળમાં કેલી કરવાવાળો સમ્યક્ત્વી હંસને ચૈતન્ય શાન્તરસ છોડી બાહ્યમાં પુણ્ય-પાપની વૃત્તિ અથવા ઇન્દ્રિય વિષયોની રુચિ ઊડી ગઈ છે. ચૈતન્યનાં શાંતરસમાં એવો નિર્ણય (વેદન સહિત) થઈ ગયો છે કે અન્ય કોઈ રસમાં તેને સ્વપ્નમાં પણ સુખનો અનુભવ થતો નથી. એવો સમ્યક્ત્વી હંસ નિરંતર શાંતરસનાં સરોવરમાં કેલી કરે છે.

## ધર્માત્મા જીવ મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે

સમ્યગ્દૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિને કહે છે કે! ભૂલીશ નહીં, ભૂલીશ નહીં, પોતાની

જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ ને આકાશ એ
અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

ચિદાનંદ વસ્તુને ભૂલીશ નહીં! બીજાને પોતાની વસ્તુ ન માન! તે પોતાની વસ્તુ નથી એટલે પોતામાં શાંત થા!—આ પ્રકારે ધર્માત્મા જીવ મિથ્યાદૃષ્ટિને પોતાના શાંતરસમાં લીન કરાવે છે. તેનો ભ્રમ કાઢી યથાર્થ સ્વરૂપ સમજાવી, શાંતરસમાં લીન કરી તેને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.

## જ્ઞાનોપદેશ

હે જીવ! તું કોનો ફેરફાર કરીશ? અને તારામાં બીજો કોણ ફેરફાર કરશે? જગતના કોઈ પદાર્થમાં તું ફેરફાર કરી શકતો નથી અને જગતનાં કોઈ પદાર્થ તારામાં ફેરફાર કરી શકતા નથી. તું અને જગતના પદાર્થો બધાં સ્વતંત્રરૂપથી પોતપોતાના પરિણામરૂપે પરિણમિત થાય છે.

આ પ્રમાણે જગતનાં સર્વે પદાર્થનું સ્વતંત્ર પરિણમન જાણીને પરના કર્તૃત્વની બુદ્ધિથી નિવૃત્ત થા—નિવૃત્ત થા. પરથી પોતાની અત્યંત ભિન્નતા જાણીને સ્વની સન્મુખતા કર.....બહિર્મુખ અજ્ઞાનભાવથી ઉત્પન્ન થયેલ દુઃખ અંતર્મુખ જ્ઞાનભાવથી દૂર થઈ જાય છે—આ જ દુઃખથી છૂટી સુખી થવાનો ઉપાય છે.

## ક્યાં અટકે?

અજ્ઞાની જીવ જગતથી ભિન્ન પોતાનાં ચૈતન્યસ્વરૂપને ભૂલી દેશના, પરના, ઘરના અને શરીરાદિકનાં કામ કરવાના અભિમાનમાં અટકે છે; વધુમાં વધુ ધર્મના નામે આગળ વધે તો દયા-વ્રતાદિકનાં શુભરાગમાં ધર્મ માનીને ત્યાં અટકી જાય છે પરંતુ શરીરાદિની ક્રિયાથી ભિન્ન અને શુભરાગથી પણ ભિન્ન એવા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું લક્ષ કરતો નથી તેથી તેના જન્મ-મરણના દુઃખનો અંત આવતો નથી. અનાદિકાળથી પુણ્ય કર્યા છતાં જીવ સંસારમાં જ ભટકે છે, તો તે સંસારનું મૂળ કારણ શું છે? તે જાણી તેને દૂર કરવાનો ઉપાય કરવો જોઈએ.

## સંતોના હૃદયમાં જિનેન્દ્રદેવ બિરાજમાન છે

નિયમસારમાં ટીકાકાર મુનિરાજ પોતાના હૃદયમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરી મંગલાચરણ કરતા કહે છે કે “હે જિનેન્દ્રદેવ! તમારા જેવા પૂર્ણ વીતરાગી સર્વજ્ઞદેવ જ્યારે મારા હૃદયમાં બિરાજમાન છે તો હું શા માટે રાગી અજ્ઞાની

**વિધવિધ ગુણો ને પર્યયો સહ જે અનન્યપણું ધરે**
**તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

પ્રાણીઓને નમસ્કાર કરું? હે નાથ! મેં તો પોતાના હૃદયમાં તમારી જ સ્થાપના કરી છે; આપ મારા હૃદયમાં રહેતા હોવાથી હું બીજાને શા માટે નમસ્કાર કરું?

## સિદ્ધ ભગવાનની લાઈનમાં

પરિપૂર્ણ આત્મસ્વરૂપને પ્રાપ્ત સિદ્ધ ભગવાન જગતમાં અનાદિકાળથી છે; એવા સિદ્ધ ભગવાન અનન્ત છે અને તેમાં હંમેશા વૃદ્ધિ થતી જ રહે છે.

હે સિદ્ધ ભગવાનો! મેં પોતાના આત્મામાં આપની સ્થાપના કરી છે તેથી હું પણ અપૂર્વ રુચિથી તમારી લાઈનમાં બેસી ગયો છું....પોતાના આત્માની મૈં સિદ્ધરૂપથી સ્થાપના કરી છે. હે નાથ! તમો પણ સિદ્ધ અને હું પણ સિદ્ધ! બસ, હવે મારા આત્મામાં પ્રતિસમય સિદ્ધદશા તરફ વૃદ્ધિ થતી જાય છે અને સંસારની હાની થતી જાય છે. આ પ્રકારે પોતાના જ્ઞાનમાં તમારી સ્થાપના કરીને હું પણ તમારી તરફ ગમન કરી રહ્યો છું.

## તારાથી થઈ શકે તેવી આ વાત છે.

જ્ઞાની કહે છે કે—આત્માને સમજો!..... ત્યાં એવું ન કહેવું જોઈએ કે—અરે! હજું તો હું બાળક છું, હજી તો હું યુવક છું, હવે તો હું વૃદ્ધ થઈ ગયો છું, હું તો મંદબુદ્ધિ છું, મારા માથે હજું ઘણા કામો બાકી છે, આ ટાઈમે હું આત્માને કેવી રીતે સમજી શકું?—ભાઈ! બધા આત્મા સ્વભાવથી સમાન છે, કોઈ આત્મા નાનો અગર મોટો છે નહીં અને બીજાનાં કામનો બોજો કોઈ આત્મા પર છે જ નહીં. કેમ કે આત્મા પરનું કાંઈ કાર્ય કરી શકતો જ નથી; આત્માની પ્રતીતિ કરવી—આત્માને સમજવો તે જ બધાએ કરવા યોગ્ય મુખ્ય કાર્ય છે અને જીવ જ્યારે કરવા ચાહે ત્યારે કરી શકે—આવું આ કાર્ય છે; તેથી ''અમારાથી આ થઈ શકે તેમ નથી'' એવી બુદ્ધિ છોડી અન્તરથી આત્મજિજ્ઞાસુ બની તેને સમજવાનો પ્રયત્ન કર તેથી જન્મ-મરણનાં દુઃખસાગરથી તારો ઉદ્ધાર થશે.

## આત્મા જ્ઞાયક છે

ભાઈ! આ માર્ગ બંધનનો છે કે મુક્તિનો? આમાં તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી મુક્તિની વાત છે. આ વાતનો યથાર્થ નિર્ણય કરવાથી જ્ઞાન પૃથક્નું પૃથક્ રહે છે. જે મુક્તિનો માર્ગ છે તેનાથી વિરુદ્ધ જે સ્વચ્છંદતાની પુષ્ટિ કરે છે આવા જીવને મુક્તિનો અવસર ક્યારે પ્રાપ્ત થશે?

**તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;**
**એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## સીતાજીનો સંદેશ

વનવાસમાં જતી વખતે સીતાજી સમાચાર મોકલે છે કે—“હે સેનાપતિ! દશરથનંદનને કહેજો કે લોક અપવાદનાં ભયથી મને તો છોડી છે પરંતુ જિનધર્મને છોડશો નહીં. ચૌવિધ સંઘની સેવા કરશો. અજ્ઞાની લોકો જિનધર્મની પણ નિંદા કરે તો તે નિંદાના ભયથી સમ્યગ્દર્શનને કદી છોડશો નહીં....મુનિઓ તથા આર્યિકાઓને ભક્તિપૂર્વક આહારદાન કરશો” જુઓ ! આવા વનવાસના સમયે પણ સીતાજીને અંતર સ્વભાવમાંથી ધર્મની ઊંચી ભાવના થઈ છે. ધર્મનો આધારભૂત સ્વભાવ અંતરમાં દેખ્યો છે, એવા સ્વભાવના આશ્રયે આવી ભાવના થઈ છે. અહો! હું ભલે જંગલમાં એકલી છું પણ મારા ધર્મનો આધાર મારા અંતરમાં બિરાજે છે, તેને હું છોડતી નથી અને મારા રામને કહેશો કે તે પણ ધર્મને ન છોડે—લોક અપવાદથી મને તો છોડી પણ ધર્મને ન છોડે.

## શાંતિનું ઝરણું

અરે જીવ! બાહ્ય વિષયો તો મૃગજળ સમાન છે; તેમાં ક્યાંય તારી શાંતિનું ઝરણું નથી. અનંતકાળથી તે બાહ્ય વિષયોમાં દોડાદોડ કરી છે તોપણ તને શાંતિ મળી નથી-તૃપ્તિ થઈ નથી, તેથી તેમાં શાંતિ છે નહીં—એમ સમજીને હવે તેનાથી દૃષ્ટિ ફેરવી ચૈતન્યસ્વરૂપ તરફ દૃષ્ટિ કર. ચૈતન્યસ્વરૂપ તરફ દૃષ્ટિ કરવાથી ક્ષણમાત્રમાં પોતાને શાંતિનું વેદન થાશે અને તે શાંતિના ઝરણામાં તારો આત્મા તૃપ્ત-તૃપ્ત થઈ જાશે.

## હે જીવ ! સ્વસમયમાં પ્રવૃત્તિ કર !

જ્ઞાન સમસ્ત અચેતન પદાર્થોથી ભિન્ન જ છે. જેવી રીતે ધર્માસ્તિકાય અથવા વૃક્ષાદિ દ્રવ્ય જીવને પરાણે ચલાવતાં અથવા રોકતા નથી. તેવી જ રીતે તે પદાર્થો જ્ઞાનને પરાણે પોતા તરફ ખેંચતા નથી, અથવા રોકતા નથી. તો પછી ધર્માસ્તિકાય અથવા વૃક્ષાદિ અન્ય પદાર્થોની જેમ કર્મ પણ જીવથી ભિન્ન વસ્તુ છે. તેથી તે કર્મો પણ જીવના જ્ઞાનને કાંઈ કરતા નથી. જીવ જ્યારે પોતાના જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે ત્યારે તેને રાગ-દ્વેષ-મોહ થાય છે, પણ કર્મો કાંઈ તેમને રાગ-દ્વેષ-મોહ કરાવતા નથી. અગર જીવ પોતાનાં જ્ઞાનસ્વરૂપમાં રહે તો તેને રાગ-દ્વેષ-મોહ થતા નથી. આમ યથાર્થ જાણી હે જીવ! તૂ સ્વસમયમાં પ્રવૃત્તિ કર અર્થાત્ પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્માની ઓળખાણ કર, તેમાં એકાગ્ર થા અને પરસમયથી નિવૃત્ત થા અર્થાત્ કર્માદિકનું લક્ષ છોડી દે.

**અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,**
**અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને.　૭.　—શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## આત્માર્થીની અભિલાષા

જેને આત્માની સાચી અભિલાષા ઉત્પન્ન થઈ હોય....આત્માની સાચી ગરજ લાગતી હોય....તેવા જીવની કેવી દશા હોય છે? તે સમજાવતાં એક વાર પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે :—આત્માર્થીને સમ્યક્દર્શન પહેલા સ્વભાવ સમજવાની એવી તીવ્ર રુચિ હોય કે પૂજ્ય ગુરુનાં સમીપ સ્વભાવનું સાંભળતા જ તેને ગ્રહણ કરી આત્મામાં પ્રવેશ કરી જાય છે.....આત્મામાં પરિણમી જાય છે.....અહો ! શ્રીગુરુએ મારો એવો સ્વભાવ બતાવ્યો. આ મુજબ ગુરુનો ઉપદેશ તેના આત્માને સ્પર્શ કરી જાય છે.

જેવી રીતે કોરા શકોરામાં પાણીનું એક ટીપું પડે છે તેને તે ચૂસી લે છે અથવા ધગધગતું લોઢું પાણીનાં ટીપાને ચૂસી લે છે, તેવી જ રીતે દુઃખથી અત્યંત પીડિત આત્માર્થી જીવ શ્રીગુરુનો ઉપદેશ મળતાં જ તેને ચૂસી લે છે અર્થાત્ તુરન્ત તેને આત્મામાં ઉતારી દે છે.

આત્માર્થીને સ્વભાવની જિજ્ઞાસા અને આકાંક્ષા એટલી તીવ્ર હોય છે કે ''સ્વભાવ'' શબ્દ સાંભળતા જ તેણે એકદમ સોંસરવટ ઉતરી જાય છે....અરે! ''સ્વભાવ'' કહીને જ્ઞાની શું કહેવા માગે છે?....તે જ મારે ગ્રહણ કરવું છે—એવી રીતે રોમ રોમમાં સ્વભાવનો ઉત્સાહ જાગૃત થાય છે અને વીર્યનો વેગ સ્વભાવ તરફ ઢળે છે. એવો પુરુષાર્થ જાગૃત થાય છે કે સ્વભાવને પ્રાપ્ત કરી જ લે છે....જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચેન પડતું નથી. આવી દશાવાળાને સાચી અભિલાષા થઈ કહેવાય છે.

## સુખ અને દુઃખ શું છે?

ભાઈ રે! તારું સુખ તારા આત્માથી બહાર હોઈ શકે નહીં. આત્માનો આનંદ બહારમાં નથી અને આત્માનું દુઃખ પણ બહારમાં નથી. બહારમાં સુખ છે—એવું જે માને છે તેણે આત્માના સુખની શ્રદ્ધા નથી. ભાઈ! પહેલાં તૂં નક્કી કર કે મારું સુખ મારામાં જ છે—સંયોગમાં મારું સુખ નથી. આ દેહથી ભિન્ન જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા શું વસ્તુ છે આ વાત જીવોએ અનંતકાળમાં એક ક્ષણ પણ જાણી નથી. જીવ સુખને ગોતે છે. પણ વાસ્તવિક સુખ ક્યાં છે તેની તેણે ખબર નથી. આત્માના સ્વભાવમાં સુખ છે તે ભૂલીને બાહ્ય સંયોગમાંથી સુખ લેવા ઈચ્છે છે પરંતુ સંયોગમાં ક્યાંય પણ આત્માનું સુખ છે નહીં. આત્માનો સ્વભાવ સ્વયં જ સુખથી પરિપૂર્ણ છે પણ તે ભૂલીને પુણ્ય-

છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુક્ત જે,
ગુણપર્યયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

પાપની આકુળતાનું વેદન કરે છે, તે દુઃખ છે. પુણ્ય-પાપથી ભિન્ન મારું જ્ઞાનાનંદસ્વરૂપ છે આવી પ્રતીતિ અગર અંતર્મુખ થઈને કરે તો તે જ ક્ષણે આત્માના અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. સુખ કહો અથવા ધર્મ કહો એ બંને કાંઈ જુદી જુદી વસ્તુ નથી. ભવના કારણ રહિત તારો સ્વભાવ જ જ્ઞાનાનંદસ્વરૂપ છે, તે સ્વભાવની દૃષ્ટિ કર તો ભવનો અંત આવી જશે. આના સિવાય બાહ્ય કારણોથી ભવનો અંત નહીં આવે. તેથી જેણે ભવનો અંત લાવવો છે અને આત્માના અતીન્દ્રિય આનંદને પ્રગટ કરવો છે તેને અંતરના ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવને લક્ષમાં લઈ તેની રુચિ અને બહુમાન કરવા જેવો છે. તેની મુખ્યતા કરી તેનું અવલંબન લેવાથી ધર્મ થાય છે અને ભવભ્રમણનો અંત આવી પૂર્ણ આનંદરૂપ મોક્ષદશા પ્રગટ થાય છે.

## ઉછળતો આનંદસમુદ્ર

હે ભવ્ય! એકવાર નિજ આત્માના સન્મુખ દૃષ્ટિ તો કર અને જો કે તારા અંતરમાં શું ભર્યું છે! જેવી રીતે મોટો સમુદ્ર ઉછળી રહ્યો હોય અને જોનાર આંખ બંધ કરી લે તો ક્યાંથી દેખાશે? સમુદ્ર તો સામે જ છે પણ આંખ ખોલે તો જ દેખાય ને! તેવી જ રીતે આ આત્મા સ્વયં જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ મહાન ચૈતન્યસમુદ્ર છે, પણ "શરીર છે તે હું છું અને રાગ જેટલો જ હું છું" આવી ભ્રાંતિને લીધે અજ્ઞાનીને ચૈતન્યસમુદ્ર દેખાતો નથી. અગર જ્ઞાનચક્ષુ ખોલીને અંતરમાં જુએ તો ભગવાન આત્મા દેહ અને રાગથી ભિન્ન જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ ચૈતન્યસમુદ્ર ઉછળી રહ્યો છે તે દેખાવા લાગશે.

## હિતોપદેશ

આત્મસ્વભાવની આ અપૂર્વ વાત જીવોને કઠણ લાગે છે, તેથી બીજા રસ્તે ચાલવાથી ધર્મ થઈ જશે—આ પ્રકારની ઊંધી માન્યતા તેણે સ્વભાવની રુચિ થવા દેતી નથી. પણ ભાઈ! અનન્તકાળ સુધી તું બહારમાં જોયા કરીશ તોપણ આત્મધર્મ પ્રગટ થાશે નહીં; તેથી પરનો આશ્રય છોડી સ્વતત્ત્વની રુચિ કર–પ્રેમ કર–મનન કર તે જ સત્-સ્વભાવ પ્રગટ કરવાનો અર્થાત્ ધર્મનો ઉપાય છે. જેણે પોતાનું હિત કરવું છે તે આમ કરો....આવો આચાર્યદેવનો હિતોપદેશ છે. જેને પોતાનું હિત કરવું છે તેને આવી ગરજ હોવી જોઈએ.

**પર્યાયવિરહિત દ્રવ્ય નહિ, નહિ દ્રવ્યહીન પર્યાય છે,**
**પર્યાય તેમ જ દ્રવ્ય કેરી અનન્યતા શ્રમણો કહે. ૧૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## અમૃતસ્વરૂપ આત્માની ઓળખાણ

ઝેરી નાગનું વિષ તો એકવાર મરણ કરે છે ( તેપણ આયુષ્ય પૂર્ણ થઈ ગયું હોય તો) પરંતુ વિપરીત દૃષ્ટિરૂપ મિથ્યાત્વનું વિષ તો સંસારમાં અનંત જન્મ-મરણ કરાવે છે. તેથી હે જીવ! અનંત ચૈતન્યશક્તિથી પરિપૂર્ણ તારા અમૃતસ્વરૂપ આત્માની ઓળખાણ કરી, તેના અનુભવ કરવાનો પુરુષાર્થ કર ! તે જ તારા આત્માના અનંત જન્મ-મરણનો ઉદ્ધાર કરવાવાળો છે.

## સ્વાનુભવી સંતોનો હિતોપદેશ

ધર્મના અર્થાત્ શાશ્વત આત્મશાંતિ માટે બાહ્ય સાધનોની શોધમાં રખડતા જીવો માટે સંતોનો હિતોપદેશ છે કે—

હે જીવ! શાશ્વત સુખ-શાંતિનું અમોઘ સાધન નિજ શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ છે અને તે શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ માટે તારા સ્વભાવને છોડી અન્ય કોઈ સાધન સાથે તારે ખરેખર કાંઈ સમ્બન્ધ નથી, શુદ્ધ અનંત શક્તિ સંપન્ન તારો જ્ઞાનસ્વભાવ જ તારા ધર્મનું-સુખનું સાધન છે, તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ વીતરાગધર્મની પ્રાપ્તિ માટે તું અનંતશક્તિસંપન્ન તારા જ્ઞાનસ્વભાવ એકને જ સાધન તરીકે સ્વીકાર, બીજા કોઈ સાધનને ગોતવાનો પ્રયત્ન છોડી દે. આત્માથી ભિન્ન અન્ય સાધનને ગોતવું તેમાં તારી પરતંત્રતા છે. સર્વ પ્રકારના સાધનરૂપ થઈ સ્વયં ધર્મરૂપ પરિણત થવામાં સમર્થ એવા તારા 'સ્વયંભૂ ભગવાન'ને જ અંતર્મુખ થઈ ખોજ અન્ય કોઈ ઠેકાણે ન ખોજ.

## આનંદનો ઉપભોગ કર

પોતાના સ્વભાવમાં અંતર્મુખ થઈ આનંદનો ઉપભોગ કરવો તે જ આત્માનો સ્વભાવ છે, પણ હર્ષ અગર શોકરૂપ વિકારનો ઉપભોગ કરવો તે આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે. જરાક પ્રતિકૂળતા આવે અથવા ચિંતા થાય તો અરેરે! મારો આત્મા ચિંતાના ઢગલાથી ઘેરાઈ ગયો છે—એવું અજ્ઞાનીને લાગે છે. તેને જ્ઞાની કહે છે કે—અરે ભાઈ! ચિંતાઓથી ઘેરાઈ જવું તેવો તારા આત્માનો સ્વભાવ નથી. તારો આત્માનો એવો અભોક્તા-સ્વભાવ છે કે તે ચિંતાના પરિણામનો કર્તા, અથવા સ્વામી થઈને, ઉપભોગ ના કરે તેથી તું બેચેન ન થા! ચિંતા અભોક્તાસ્વરૂપ તારા જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લે.

**નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છે;**
**તેથી ગુણો ને દ્રવ્ય કેરી અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

જ્ઞાયકસ્વભાવના લક્ષથી તને જ્ઞાતાપરિણામના અનાકુલ આનંદનું વેદન થાશે. તે આનંદનો જ ભોક્તા થવું તે તારો સ્વભાવ છે. જ્ઞાનીને પણ કોઈવાર ચિંતાના પરિણામ થાય છે, પરંતુ અંતરના આનંદ સ્વભાવની ઉગ્રતાથી તેમને ચિંતા પરિણામની અધિકતા કદી થતી નથી. તેથી તેમની બેચેની થતી નથી. તેથી વસ્તુતઃ જ્ઞાની ચિંતા અથવા હર્ષનો ભોક્તા નથી, તેમણે તો આનંદનું જ ભોક્તૃત્વ છે. એમ સમજી વિચારીને હે જીવ! તૂ પણ અંતર્મુખ થઈ આનંદનો ભોક્તા થઈ જા.

## કલ્યાણનો જનક : સ્વભાવનો પક્ષ

આત્મા પોતાથી એકત્વયુક્ત, શાંત, નિર્દોષ તથા જ્ઞાનસ્વરૂપ છે. તેને દૃષ્ટિમાં લીધા વગર બીજા લાખો ઉપાયોથી પણ આત્મકલ્યાણ થઈ શકે તેમ નથી. જેથી અવિનાશી આત્મકલ્યાણ થાય છે એવા પોતાના આત્મસ્વભાવનું યથાર્થ લક્ષ કરી તેનો પક્ષ આ જીવે કદી કર્યો નથી અને જેના આશ્રયથી કાંઈ જ હિત ન થાય તેવા રાગાદિ વ્યવહારનો પક્ષ કદી છોડ્યો નથી. તેથી કલ્યાણમાર્ગી સ્વાનુભવી સંત કહે છે—હે ભવ્ય! જો તારે તારું હિત કરવું હોય તો તે વ્યવહારનો પક્ષ છોડી દે, અને તારા ત્રિકાળ શુદ્ધ શક્તિભૂત આત્મસ્વભાવને યથાર્થ લક્ષમાં લઈ તેનો જ પક્ષ કર. તેના આશ્રયથી જ તારું અવશ્ય કલ્યાણ થશે.

## સ્વભાવના અવલંબનથી સમ્યગ્દર્શન

આત્માર્થીને જ્ઞાનાનંદમય નિજ આત્મસ્વભાવની આ અપૂર્વ વાત સાંભળતા જ સોંસરવટ લાગી જાય છે કે અહો! મારે આવા અદ્ભુત ચૈતન્ય વસ્તુનું અવલંબન લેવા જેવું છે. અંદરમાં એવું લક્ષ બંધાઈ જાય અર્થાત્ જ્ઞાનના નિર્ણયમાં એક જ વસ્તુ થઈ જાય કે અહા! મારે આ એક જ કાર્ય કરવા જેવું છે. જ્યાં અંતરનાં લક્ષપૂર્વક આવો પક્ષ થાય છે ત્યાં પ્રયત્નની ગતિ સ્વભાવ તરફ વળ્યા વગર રહેતી નથી. આશય એમ છે કે આત્માના આશ્રયે ટૂંક સમયમાં તેને સમ્યગ્દર્શન થઈ જ જાય છે.

## કલ્યાણનો સંપાદક : નિજ પ્રભુતા

જેણે પોતાનું કલ્યાણ કરવું છે તેને આ નિર્ણય કરવો જોઈએ કે મારું કલ્યાણ કોના આધારે છે? મારા આત્મસ્વભાવમાં જ મારી પ્રભુતા ભરી છે, બીજા કોઈ પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

**નહિ 'ભાવ' કેરો નાશ હોય, 'અભાવ'નો ઉત્પાદ ના;**
**'ભાવો' કરે છે નાશ ને ઉત્પાદ ગુણપર્યાયમાં. ૧૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**




# સમ્યગ્દર્શન વગર નિયમ હોઈ શકે નહીં



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૩)(તા. ૨૨-૪-૪૪, શુક્રવાર)

પહેલી ગાથામાં અસાધારણ માંગળિક કર્યું અને ગ્રંથનો મહિમા બતાવ્યો તથા અનંતદર્શન-અનંતજ્ઞાનના ધરનાર શ્રી વીરપ્રભુને નમસ્કાર કર્યા.

બીજી ગાથામાં માર્ગ શું અને માર્ગફળ શું તેનું સ્વરૂપ બતાવ્યું. હવે 'નિયમ' શબ્દ સાથે 'સાર' શબ્દનો સંબંધ કેમ છે તે બતાવે છે :—

**नियमेन च यत्कार्यं स नियमो ज्ञानदर्शनचारित्रम्।**
**विपरीतपरिहारार्थं भणितं खलु सारमिति वचनम्।।३।।**

સહજ પરમપારિણામિકભાવમાં સ્થિત અનંતચતુષ્ટયાત્મક સ્વભાવ એટલે સહજ અનંતજ્ઞાન, સહજ અનંત દર્શન, સહજ અનંત આનંદ અને સહજ અનંતવીર્ય એ અનંતચતુષ્ટયસ્વરૂપ જે શુદ્ધજ્ઞાનચેતનાનો પરિણામ તે નિયમ છે.

મનુષ્ય અવતારમાં જે ખાસ કરીને (ચોક્કસ) કરવા જેવું કાર્ય હોય તેનું નામ નિયમ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ નિયમ છે. સમ્યગ્દર્શન એ પહેલો નિયમ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પોતે જ નિયમ-નિયમ બીજી ચીજ નથી. બાહ્ય વ્રતાદિ નિયમ નહી, વ્રતાદિ તો સમ્યગ્દર્શન સહિત હોય તો શુભવ્રત કહેવાય. સમ્યગ્દર્શન વગર નિયમ હોઈ શકે જ નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને નિયમ કહ્યાં, તેનાથી વિરુદ્ધ હોય તે કોઈ નિયમ નથી.

પહેલો શરૂઆતનો નિયમ સમ્યગ્દર્શન છે. પછી સ્વરૂપમાં સ્થિરતા તે વિશેષ નિયમ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય વચ્ચે વ્રત, તપ આવે તે કોઈ નિયમ નથી—મોક્ષમાર્ગ નથી.

નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ નિશ્ચયથી નિયમ છે, એનાથી વિરુદ્ધ

**જન્મે મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્ભવ નવ લહે;**
**સુર-માનવાદિક પર્યયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮.　—શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

શુભ વિકલ્પ પણ નિયમ નથી; તેથી "નિશ્ચય કરીને સાર" એવું વચન કહ્યું છે. પુણ્ય-પાપ બધા અસાર છે. સમ્યગ્દર્શન પછી વ્રત અને મહાવ્રત આવે ખરા—પણ તે સાર નથી. સાર તો સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને તેમાં સ્થિરતા એ જ છે. તેથી 'સાર' એવું વિશેષણ કહ્યું છે.

આ ગાથામાં 'નિયમ' શબ્દનું સારપણું બતાવવા માટે સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે. વ્રત-મહાવ્રત એ સ્વભાવરત્નત્રય નથી. નિયમસાર કહેતાં સ્વાશ્રય નિર્મળ શુદ્ધ સ્વભાવ છે, તેના આધારે શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા એ જ સ્વભાવરત્નત્રયી—નિયમ છે.

કર્મના નિમિત્તે થતા પુણ્ય-પાપના ભાવો કૃત્રિમ છે. તે કૃત્રિમ ભાવોથી રહિત જે સહજ સ્વાભાવિક ભાવ (પોતાનો ઉત્કૃષ્ટ પારિણામિક ભાવ) તેમાં ઠર્યો છે અને જે સ્વભાવથી અનંતદર્શન-જ્ઞાન-આનંદ અને વીર્ય એવા સ્વચતુષ્ટય સંપન્ન છે (અનંતચતુષ્ટયસ્વરૂપ સ્વભાવ છે) તથા જે શુદ્ધ ચેતનના પરિણામ (નિર્મળ જ્ઞાનની અવસ્થા) તે નિયમ છે.

આચાર્યદેવને હજી કેવળજ્ઞાન થયું નથી, પણ પૂર્ણ સ્વરૂપની ભાવના ભાવીને કેવળ લેવા માગે છે, અંશે ઊણાની પણ વાત લીધી નથી, પરમ સહજ પારિણામિકભાવમાં ઠરવાનું ઊણાનું લક્ષ છે જ નહીં.

મોક્ષમાર્ગ છે તે પરિણામ (નિર્મળ અવસ્થા) છે, શુદ્ધ નિર્મળ ચેતનની અવસ્થા તે નિયમ છે. ખરેખર પ્રયોજનભૂત કાર્ય (વિશેષે જોડાવું, વ્યવસ્થા કરવી તે પ્રયોજન) દર્શન, જ્ઞાન, ચારિત્ર જ છે.

અનંતચતુષ્ટય પ્રગટવાનું કારણ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર-વીર્ય તે અનંતચતુષ્ટયસ્વરૂપ જ છે. અહીં પ્રગટી ગયેલાની વાત નથી પણ પ્રગટવાનો જે ઉપાય તે લઈને અહીં કહ્યું છે. કારણમાં કાર્ય આવી જ જાય છે. માર્ગ લીધો ત્યાં અનંતચતુષ્ટય તેમાં સમાઈ ગયા છે. અહીં મોક્ષ અને મોક્ષમાર્ગ બન્ને અભેદ લીધા છે.

'શુદ્ધ દ્રવ્યનું પરિણમન તે નિયમ' એમ નહિ લેતાં 'શુદ્ધ ચેતનાનું પરિણામ તે નિયમ' એમ લીધું છે. નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ જ કાર્ય છે અને એ જ નિયમ છે.

**જ્ઞાનાવરણ ઇત્યાદિ ભાવો જીવ સહ અનુબદ્ધ છે;**
**તેનો કરીને નાશ, પામે જીવ સિદ્ધિ અપૂર્વને. ૨૦.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

દર્શનનું નિશ્ચયસ્વરૂપ એવું છે કે—ભગવાન પરમાત્મસ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિ કરવાવાળા જીવમાં શુદ્ધ અંતરંગ આત્મિક તત્ત્વના આનંદને ઉપજવાનું ધામ એવા શુદ્ધ જીવાસ્તિકાયનું (પોતાના જીવ સ્વરૂપનું) પરમ શ્રદ્ધાન, દૃઢ પ્રતીતિ અને સાચો નિશ્ચય એ જ દર્શન છે.

પહેલી વાત જ સુખની છે. જેને ઇન્દ્રિયના વિષયોમાં સુખ-બુદ્ધિ ટળી ગઈ છે તેને જ આત્માના અતીન્દ્રિય સુખની રુચિ છે. જેને પરમાં સુખબુદ્ધિ છે તેનો આહ્લાદ પરમાં જાય છે અને તેનાં બધાં કાર્યો (સુખને માટે) નિષ્ફળ જાય છે. પોતાનો નિર્મળ સ્વભાવ એવો શુદ્ધ જીવાસ્તિ એ જ આનંદ ઊપજવાનું સ્થાન છે અને તેની દૃઢ પ્રતીતિ એ જ સમ્યક્ત્વ છે.

જ્ઞાનની વ્યાખ્યા :—જ્ઞાન જ્ઞાન જ કરે; પરને જાણવામાં પણ જ્ઞાન જ્ઞાનનું જ અવલંબન કરે છે, પરનું અવલંબન જ્ઞાનને નથી. અનંત આત્મા યાદ કર્યા તે પણ જ્ઞાનની પર્યાય છે, એટલે પરનું અવલંબન કર્યા વગર અંતરંગમાં જ પોતાના જ્ઞાનનો વ્યાપાર રાખીને અંતરમુખ જોડાણમાં ઉપયોગને વાળીને, પોતાના જ્ઞાનની અવસ્થામાં નિકટ (પોતાની પર્યાયથી દૂર ન જઈને) પોતાના આત્મિક પરમતત્ત્વનું "આ જ ઉપાદેય વસ્તુ છે" એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. પોતે જાણનાર સ્વભાવી છે તેનાથી જ જ્ઞાન થાય છે. કાન દ્વારા શબ્દો સાંભળે વગેરે પાંચ ઇન્દ્રિય કે શરીરથી જ્ઞાન નથી. પરના અવલંબન વગરનો જે જ્ઞાનસ્વભાવ છે તે પરમજ્ઞાન એ જ પરમ ઉપાદેય છે, એ સિવાય કોઈ પરદ્રવ્ય કે શુભવિકલ્પ પણ ગ્રહણ કરવા યોગ્ય નથી.

ચારિત્રની વ્યાખ્યા :—નિશ્ચય દર્શનજ્ઞાનમય (દૃષ્ટા-જ્ઞાતાસ્વરૂપ) કારણ-પરમાત્મા (જેમાં દૃષ્ટાજ્ઞાતા શક્તિ કાયમ છે એવું દ્રવ્ય) તેમાં અવિચળ દૃઢતાથી લવલીન (ન ચળે એવી રીતે તન્મય) થઈ જવું તે ચારિત્ર છે. અહીં 'સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં લવલીન' એમ નથી કહ્યું પણ વસ્તુ જે કારણપરમાત્મા તેમાં લવલીન થઈ જવું તે ચારિત્ર છે; દ્રવ્ય કારણ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર કાર્ય છે. 'દર્શન-જ્ઞાનમય' વસ્તુને અહીં કારણ કહ્યું છે. દ્રવ્ય તે કાયમી-ત્રિકાળી એકરૂપ કારણ છે અને ચારિત્ર તે કાર્ય છે; નિશ્ચયથી ચારિત્રરૂપ કાર્યનું કારણ દ્રવ્ય છે. સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી. સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉપર લક્ષથી ચારિત્ર પ્રગટે નહીં, પણ કાયમી દ્રવ્ય જે ત્રિકાળ એકરૂપ કારણ છે તેમાં લીન થવાથી ચારિત્ર પ્રગટે છે. (ક્રમશઃ) ✽

**સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,**
**સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जा सासया ण लच्छी चक्कहराणं पि पुण्णवंताणं ।**
**सा किं बंधेइ रइं इयर-जणाणं अपुण्णाणं ।।१०।।**

**અર્થ :—**જે લક્ષ્મી અર્થાત્ સંપદા (ઉત્કૃષ્ટ) પુણ્યકર્મના ઉદય સહિત જે ચક્રવર્તી તેમને પણ શાશ્વતરૂપ નથી, તો અન્ય જે પુણ્યોદય વિનાના વા અલ્પ પુણ્યવાળા પુરુષો તેની સાથે કેમ રાગ બાંધે છે? ૧૦.

જુઓ, લક્ષ્મી વિગેરેનો સંયોગ પૂર્વના પુણ્યથી મળે છે; તેમાં જીવનું વર્તમાન ડહાપણ નથી. ચક્રવર્તીને એવા પુણ્યનો ઉદય હોય છે, હજારો દેવો સેવા કરતા હોય છે, છ ખંડનું રાજ્ય હોય છે, ૯૬ કરોડ પાયદળ હોય છે, ને નવનિધાન હોય છે તે પણ શાશ્વત રહેનારા નથી. તો સાધારણ જીવોની તો શી વાત? જીવો અધ્રુવ લક્ષ્મીના મોહથી ચૈતન્ય ચમત્કારની સંપદાને ભૂલી જાય છે. અહો! આશ્ચર્ય છે કે ચક્રવર્તી જેવા પુણ્યવંત પુરુષો પાસે પણ લક્ષ્મીનો સંયોગ શાશ્વત્ રહેતો નથી, તો તે લક્ષ્મી અલ્પ પુણ્યવંત જીવો પ્રત્યે રાગ કેમ બાંધે? એટલે કે તેમને લક્ષ્મીનો સંયોગ શાશ્વત ક્યાંથી રહે?

જેની દૃષ્ટિમાં ચૈતન્યની દૌલત પડી છે એવા ધર્માત્માની દૃષ્ટિ જડ લક્ષ્મીને પોતાની દૌલત તરીકે સ્વીકારતી નથી. પુણ્યના વિકલ્પો ક્ષણિક છે, જડ કર્મ બંધાય તે ક્ષણિક છે ને તેના નિમિત્તે જે સંપદા મળી તે પણ ક્ષણિક છે માટે તે ક્ષણિકની ભાવના તરફ પર્યાયને ન વાળતાં ધ્રુવ સ્વભાવ તરફ પર્યાયને વાળીને તે ધ્રુવની ભાવના કરવી. એવું આ ભાવનાનું તાત્પર્ય છે.

ચૈતન્યનું સ્વામીપણું ચૂકીને અજ્ઞાની જીવો બહારની સંપદાનું અભિમાન કરે છે, તેને કહે છે કે અરે ભાઈ! ચક્રવર્તી જીવોને પણ બહારની સંપદા ક્ષણભંગુર છે, તો તારી પાસે તે સંપદા શાશ્વત કેમ રહેશે? નહિ જ રહે, માટે તેનો અહંકાર છોડીને સ્વભાવની દૃઢતા અને ભાવના કર. ચૈતન્યની ભાવના સિવાય બહારની–સંયોગની પ્રીતિ કરવી તે વૃથા છે, માટે તેની પ્રીતિ છોડ ને ચૈતન્યસ્વરૂપની ભાવના કર.

**જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,**
**ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં બાર વૈરાગ્ય ભાવનાનું વર્ણન ચાલે છે. તેમાં લક્ષ્મી વગેરેની અનિત્યતાનું વર્ણન કરે છે. દરેક વસ્તુની અવસ્થા ક્ષણે–ક્ષણે બદલે છે–એવો તેનો સ્વભાવ છે ને દ્રવ્યપણે વસ્તુ ધ્રુવ રહે છે. ત્યાં અજ્ઞાની જીવને ધ્રુવવસ્તુનું ભાન નથી, એટલે પર્યાયની રુચિ છે, તેથી પર્યાય પલટતી દેખીને તેને રાગ-દ્વેષ થાય છે. જેને ધ્રુવ વસ્તુની રુચિ છે, એવા ધર્મી જીવને પર્યાય પલટતી દેખીને પર્યાયબુદ્ધિથી રાગ-દ્વેષ થતા નથી. પદાર્થની પર્યાય ક્ષણે–ક્ષણે પલટે છે, તે પર્યાય જેટલી જ વસ્તુ માની અજ્ઞાનીને હર્ષ-શોક થાય છે, તે મિથ્યાત્વભાવ સહિતના હર્ષ-શોક છે. સમ્યગ્દષ્ટિને અલ્પ રાગ-દ્વેષ થાય પણ તેને પર્યાયની બુદ્ધિ નથી એટલે કે એકલી પર્યાયને જ તે નથી દેખતો, ધ્રુવ વસ્તુના ભાનપૂર્વક ક્ષણિક જાણે છે. અજ્ઞાનીને ધ્રુવ વસ્તુનું ભાન નથી. તે તો ક્ષણિક પર્યાયને જ દેખે છે, એટલે તેને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય છે. અહીં અનિત્ય ભાવનામાં પર્યાયની અધ્રુવતા બતાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. ધ્રુવવસ્તુના ભાનપૂર્વકની અનિત્ય ભાવનાનું આ વર્ણન છે.

લક્ષ્મી વિગેરે અધ્રુવ છે. જેના ઘરે ૮૪ લાખ હાથી ઝૂલતા હોય એવા ચક્રવર્તીને પણ તે હાથી વગેરેની સંપદા ધ્રુવ નથી રહેતી; સંયોગ તેના કારણે આવ્યો ને તેનો કાળ પૂરો થતાં ચાલ્યો જાય છે. આત્માના પ્રયત્નથી સંયોગો આવતા નથી; પૂર્વના પુણ્ય નિમિત્તે લક્ષ્મી આવે છે, પણ ચૈતન્ય સ્વભાવની સાથે તે લક્ષ્મી ધ્રુવ નથી રહેતી તો પછી સાધારણ પુણ્યહીન જીવોની પાસે લક્ષ્મી કેમ ધ્રુવ રહેશે?

"લક્ષ્મી ધ્રુવ નથી" એમ જાણીને તેની પ્રીતિ છોડવી ને ધ્રુવ એવા નિજ દ્રવ્યની પ્રીતિ કરવી–તે અનિત્ય ભાવનાનું પ્રયોજન છે. નદીમાં પાણી આવ્યું એમ અજ્ઞાની દેખે છે. જ્ઞાની કહે છે કે પાણીનો પ્રવાહ ચાલ્યો જાય છે; તેમ સંયોગ મારી પાસે આવ્યા–એમ અજ્ઞાની સંયોગ સાથે એકત્વબુદ્ધિ કરે છે, ને ધર્મી તો જાણે છે કે આ પદાર્થો ક્ષણે–ક્ષણે તેમના પર્યાયધર્મથી પલટી રહ્યા છે, તે મારે કારણે આવ્યા નથી, ને મારે કારણે રહેવાના નથી. ધર્મી ચક્રવર્તીને નવનિધાન ને છ ખંડના રાજનો સંયોગ હોય પણ અંતરમાં એક રજકણના સંયોગને પણ પોતાનો નથી માનતા. જેમ દરિયાનું મોજું ઊછળે છે તે પાછું દરિયામાં જ સમાઈ જાય છે, બહાર નથી નીકળતું; તેમ સંયોગ આવ્યા તે પર દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ છે ને બીજી ક્ષણે તેની પર્યાયનો વ્યય થઈને તેનામાં જ સમાય છે. તે પદાર્થ મારી પાસે આવ્યો નથી–આમ ધર્મી જાણે છે. તેથી તેને પદાર્થના સંયોગ વખતે

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ—પાંચ ભેદો જ્ઞાનના;**
**કુમતિ, કુશ્રુત, વિભંગ—ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

હર્ષ કે વિયોગ વખતે શોક થતો નથી. ધ્રુવ વસ્તુની રુચિની મુખ્યતા છે ત્યાં અલ્પ રાગ-દ્વેષ થાય તેની મુખ્યતા નથી, કેમ કે પર્યાબુદ્ધિ નથી.

લક્ષ્મીનો સંયોગ આવ્યો ને લાખ રૂપિયા દાનમાં ગયા, ત્યાં લાખ રૂપિયા ગયા તેના પર્યાયધર્મથી જ ગયા છે; આત્માએ તે આપ્યા નથી. ત્યાં લક્ષ્મી ખર્ચવાનું અભિમાન કરે–માન કષાય કરે તો તે પાપ ભાવ છે. તે વખતે શુભભાવ હોય તો પુણ્યભાવ છે, પણ જો એમ માને કે મેં શુભભાવ કર્યો તેને લીધે આ લક્ષ્મી દાનમાં વપરાણી; તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અલ્પ શુભરાગની સાથે મિથ્યાત્વનું મોટું પાપ તેને બંધાય છે, એટલે ‘‘મીંદડું કાઢતા ઊંટડું પેઠું’’ એના જેવું થયું. અજ્ઞાની લક્ષ્મી વગેરેનું કર્તાપણું માનીને દાન વિગેરેનો કાંઈક શુભરાગ કરે તેમાં તેને પુણ્ય છે, પણ સાથે ઊંધી માન્યતાને સેવે છે, તેથી તેને મિથ્યાત્વનું પાપ ભેગું લાગે છે. દાનનો શુભરાગ થયો તે કાંઈ પાપ નથી પણ ઊંધી માન્યતા છે તે પાપ છે, માટે પહેલાં યથાર્થ વસ્તુસ્વરૂપને ઓળખવું જોઈએ. આ બાર ભાવનામાં યથાર્થ વસ્તુ-સ્વરૂપનું વર્ણન ભેગું છે.

જેને ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ છે તે જીવ ક્ષણિક સંયોગ-વિયોગને પોતાના કારણે માનતો નથી, એટલે તેને મમતા ઘટ્યા વિના રહેતી નથી. અહો! મારો ચિદાનંદ સ્વભાવ મમતારહિત છે. એક રજકણ પણ મારા કારણે આવતો કે જતો નથી. આવું જેને ભાન થાય તેને પરની મમતા કેટલી છૂટી જાય! માટે જેને ધ્રુવની દૃષ્ટિ છે તેને લક્ષ્મી વિગેરેની અનિત્યતાની યથાર્થ ભાવના હોય છે. (ક્રમશઃ) ❋


---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

આધાર વગર મારો આત્મા સ્વયં પોતાનું કલ્યાણ કરી શકે તેવી શક્તિ ભરેલ છે.—આ પ્રમાણે પોતાની પ્રભુતાની ઓળખાણ કરી તેનું બહુમાન કરવું જોઈએ. આ જ કલ્યાણનો ઉપાય છે. જેણે પોતાના આત્મપ્રભુતાની પ્રતીતિ કરી તેણે પોતાનાં પ્રભુતા તરફ ગમન ચાલું કર્યું છે, પગલા ભરવાં શરૂ થયા છે. કોઈ બીજો મારું કલ્યાણ કરી દેશે એવું જે માને છે તે પોતાના પ્રભુતાનો સ્વીકાર કરતો નથી અને પોતાને પરાધીન–ગુલામ માને છે. તેથી તે સંસારમાં જ રખડે છે.

ભાઈ! તારી પ્રભુતા તારામાં જ ભરેલ છે, તેનું લક્ષ કર તો તેનાથી તારી પ્રભુતા આવશે, બહારથી આવશે નહીં.

**દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને**
**નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૯

પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે—ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે. ૯.

**'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય.'**

ચૈતન્ય-અમૃતનો સાગર પ્રભુ આત્મા અંદર છે, તેના તરફ રુચિ વળે એટલે પુરુષાર્થની કળ સૂઝી જાય. જેને પુરુષાર્થ પોસાણમાં-હાથમાં આવ્યો, 'હું શુદ્ધચૈતન્યસ્વરૂપ છું' એવું જેને પોસાણ થયું, તેને રુચિના પુરુષાર્થની કળાની કળ હાથ આવી ગઈ. આત્માના સ્વભાવ તરફ જ જેનો પુરુષાર્થ વળ્યો છે, એ જ એની કળ છે. કળા એટલે એ જાતની દશા. કરવાનું તો આ છે બાપુ! શુભ વિકલ્પ વગેરે ભેગું—સાથે હોય છે, પણ તેની સાથે આ અંદરનું તત્ત્વ સમજવાનો અંતરમાં પ્રયત્ન જોઈએ.

હું તો જ્ઞાનસ્વરૂપ જ છું. જ્ઞાન શું કરે? જ્ઞાન કરે શું? રાગ કરે? જ્ઞાનમાં 'રાગ કરે' એ ક્યાંથી આવે? જ્ઞાનનું જ્ઞાન કરે, અહા! એવી પુરુષાર્થની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. ઘણી સાદી ભાષા! સ્વરૂપમાં—અસ્તિત્વસ્વરૂપ ધ્રુવમાં—અનંત શાંતિ ને અનંત આનંદ છે એમ અંતર્મુખ થવાની સૂઝ પડે, અંદર પુરુષાર્થ કરવાની કળા હાથ આવી જાય તો એના તરફ ઢળ્યા જ કરે. જેનો પ્રેમ હોય ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે નહિ.

**'પછી કળે કમાય, ધન ધનને કમાવે—ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.'**

અંતર્મુખ થવાની કળા હાથમાં આવ્યા પછી શુદ્ધિ વધતી જાય. કહેવત છે ને—

**પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુક્ત જે,**
**તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

કે 'ધન રળે તો ઢગલા થાય ને પંડ રળે તો પેટ ભરાય'. પૈસા રળવા એ બુદ્ધિનું કામ નથી; પુણ્યનો યોગ હોય તો બહારમાં લક્ષ્મીના ઢગલા—પાંચ-પચીસ લાખ—હોય તેને બે-પાંચ-દસ લાખના ઢગલા પેદા થયા કરે. અહીં તો એ આખું આત્મામાં ઉતારવું છે. એ દાખલાની જેમ જેને આત્મામાં આત્મા—મહાપ્રભુ—નજરમાં એટલે કે દૃષ્ટિમાં આવ્યો, અંદર પુરુષાર્થ કરવાની કળ આવી, તેને શુદ્ધિના ને આનંદના ઢગલા થઈ જાય છે.

'નમઃ સમયસારાય'માં સર્વોત્કૃષ્ટ પરમાત્માને, ભગવાનસ્વરૂપ નિજ આત્માને, નમસ્કાર કર્યા છે. ખરેખર તો આ આત્મા, પોતે જ શુદ્ધ ચૈતન્ય સમયસાર છે તેને નમે છે, ત્યાં ઢળે છે, તેથી પરમાત્મદશા પ્રગટ થશે. અહીં પણ એમ જ કહે છે કે, અંદરમાં પુરુષાર્થ કરવાની કળા હાથમાં આવી ગઈ, પરની મીઠાશ ગઈ—અંદરમાંથી પુણ્યની, પાપની, પુણ્યનાં ફળરૂપ સામગ્રીની મીઠાશ ગઈ—ને સ્વરૂપની મીઠાશ પ્રગટ થઈ, એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય. એટલે શું? અંતરમાં પુરુષાર્થ એકદમ કામ કરે તો અંદરમાં આનંદની ઉગ્રતા વધી જાય. જાગૃતદશા થઈ છે તેમાં ઉગ્રતા વધી જાય તો આનંદના ઢગલા થઈ જાય.

અહા! આ સ્વરૂપનું ધન જેને દૃષ્ટિમાં—રુચિમાં આવ્યું છે તેને કોઈ વાર તો—અંતર્મુખનો પુરુષાર્થ એકદમ ઊપડે, અંદર સહજ સ્વાભાવિક જાગૃતદશા ખૂબ જામી જાય તો—અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય એટલે કે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની ધારા વધી જાય.

...અને ક્યારેક જેમ છે તેમ રહે. અંદર રુચિ સ્વભાવસન્મુખ છે તેથી પરિણમન જેટલું થયું છે એટલું તો રહે જ, પણ કોઈ વાર પુરુષાર્થ ઉગ્ર કરે તો ઢગલા પણ થાય. બે વાત છે : અંદરમાં એકદમ ઉગ્રતા થાય, સાહસપૂર્ણ સહજ પુરુષાર્થ થાય, તેનાથી શુદ્ધિ ને આનંદના એકદમ ઢગલા થાય; બાકી સહજપણે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનું પરિણમન છે તેમ ચાલુ રહે. આ બધી અંદરની વાતો છે, બહારની સાથે આને કાંઈ સંબંધ નથી. (ક્રમશઃ)

**પુદ્ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને**
**ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## પરમ તારણહાર સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું જીવનચરિત્ર

# આપણા ઉપર કરેલા ઉપકાર

લેખક : બ્ર. વજુભાઈ શાહ, વઢવાણ

પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનો જન્મ વિ.સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજને રવિવારના દિવસે સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના તેમના મોસાળના ગામ ઉમરાળામાં સ્થાનકવાસી જૈનકુળમાં થયો હતો. તેમના માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. તેઓ દશાશ્રીમાળી વણિક હતા. બાળપણથી જ તેમના કોમળ મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વૈરાગ્યનું તેજ દેખાતું. જ્યોતિષીએ તેમના જોષ જોઈને ભવિષ્ય ભાખ્યું હતું કે આ બાળક જગતનો તારણહાર થશે અથવા કોઈ નગરીનો મહારાજા થશે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શરીરનું મૂળ નામ દલીચંદ કે દલસુખ હતું પણ માતા ઉજમબા તેમને ‘કાનુ’ કહેતાં એમ સૌ તેમને ‘કાનજી’ કહેવા લાગ્યા.

બાળપણથી જ કાનુની બુદ્ધિપ્રતિભા સતેજ હતી. તે બે વરસના હતા ત્યારે તેમનાં મોટાબેન હરિબેન તેમના ખોળામાં બેસાડીને ગલીપચી કરીને રમાડતાં તે દૃશ્ય તેમને સ્પષ્ટ યાદ હતું. અત્યારે તે મેડીમાં તે જગ્યાએ સીમંધર ભગવાનના વીતરાગી ભાવવાહી સૌમ્ય જિનબિંબના દર્શન થાય છે.

સાત વરસની ઉંમરે કાનુને ઉમરાળાની ધૂળી નિશાળમાં ભણવા બેસાડ્યા. નિશાળના નોંધપત્રકમાં તેમનું નામ ‘કાનજી મોતીચંદ શાહ’ લખાવ્યું હતું. પિતાજીએ નિશાળના બાળકોને પેંડા વહેંચ્યા હતા. પહેલે દિવસે શિક્ષકે આપેલું સૂત્ર ‘सिद्धोवर्णसमाम्नाय’ કાનુની તીક્ષ્ણ બુદ્ધિએ તરત જ ગ્રહણ કરી લીધું. વર્ગમાં તે પ્રાયઃ પહેલો નંબર રાખતા. શાંત, ગુણિયલ અને ઉમદા સ્વભાવવાળા તથા મધુરભાષી હોવાથી તે શાળામાં સૌના પ્રિય થઈ પડ્યા હતા.

એકવાર તેમને ભૂમિતિમાં ગુણાંક થોડા ઓછા આવ્યા ત્યારે શિક્ષકે મીઠી ટકોર કરી ત્યારે કાનુએ વિનયથી કહ્યું કે અમારે તો ધર્મનો અભ્યાસ મુખ્ય, બીજું બધું પછી તેમને સત્‌ની શોધની એટલી ઉત્કંઠા હતી કે તેના વિરહમાં આ બાળ મહાત્મા ખૂબ રડ્યા હતા.

તેમની પાડોશમાં એક 'ભટ્ટ મૂળજીમામા' રહેતા તે સવારમાં નહાતી વખતે ગાતા કે—

'અનુભવીને એકલું આનંદમાં રહેવું રે; ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.'

તેમણે પૂછ્યું ''મૂળજી મામા! તમે જે રોજ ગાઓ છો તેનો અર્થ શો? પરિબ્રહ્મ એટલે શું? અનુભવી કોને કહેવાય? પરંતુ મૂળજીમામાને તેના અર્થની ખબર નહોતી. સમજ્યા વિના કાંઈપણ ગોખી નાખવું તે કાનુની પ્રકૃતિમાં નહોતું.

શિશુવયથી જ બાળ કાનુના મુખપર ગંભીરતા અને વૈરાગ્યભીની સૌમ્યતા તરી આવતી. ધાર્મિક અભ્યાસ માટે તે જૈનશાળા જતા. થોડા સમયમાં જ તેમણે અર્થ સહિત સામાયિક, પ્રતિક્રમણ, ચોવીસ દંડક તથા ગતિ-આગતિના થોકડાના બોલ કંઠસ્થ કરી લીધા. તેમની ૧૧ વર્ષની ઉંમર હતી ત્યારે તેમના મોટાભાઈ દીપચંદભાઈનું મુંબઈનું પાણી લાગવાથી જુવાનજોધ ઉંમરે અવસાન થયું. આ કરુણ પ્રસંગથી બાળ મહાત્માને સંસાર પ્રત્યે ઉદાસીનતા વધી ગઈ. બે વરસ પછી પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો. તેમાં માતા ઉજમબા કાળનો કોળિયો બની ગયાં. બાળ કાનુને ૧૩ વર્ષની ઉંમરે પિતાશ્રીએ પાલેજ પોતાની અનાજ કરિયાણાની દુકાને કામ કરવા બોલાવી લીધો. તેમના મોતીના દાણા જેવા સુંદર અક્ષર અને નામું લખવામાં કુશળ હોવાથી તેઓ મુખ્યપણે હિસાબી કામ કરતા. વેપારમાં તેમનું હૃદય તેમજ વર્તન સ્વચ્છ સરળ અને ખૂબ પ્રમાણિક હતું. તેમનું વૈરાગ્યરંગી મન વેપારમય કે સંસારમય થયું નહોતું. વિ.સં. ૧૯૬૨માં આબકારીના પોલિસે તેમના ઉપર અફીણનો ખોટો કેસ કર્યો. તેમની વડોદરાની કોર્ટમાં અંગ્રેજ ન્યાયાધીશે ત્રણ કલાક ઉલટ તપાસ કરી. તેમની નિર્ભયતાપૂર્વકની સત્ય હકીકત જાણી અંગ્રેજ ન્યાયાધીશે તે સંપૂર્ણપણે માન્ય રાખી. તેમને કંઈ છુપાવવાનું તો હતું નહિ. કેસનો ચુકાદો તેમની તરફેણમાં આવ્યો. તે તદ્દન નિર્દોષ ઠર્યા.

વિ.સં. ૧૯૬૩માં ૫૩ વર્ષની ઉંમરે પિતાશ્રીએ સૌની વિદાય લીધી. થોડા જ સમયના ગાળામાં વૈરાગ્યના ત્રણ પ્રસંગ બનતા કાનજીભાઈને આત્માનું હિત શીઘ્ર કરી લેવાની ભાવના વિશેષ જાગી.

પિતાજીનો ચિરવિયોગ થતાં દુકાનની જવાબદારી કાનજી માથે આવી. વેપારમાં ઘણા જ પ્રમાણિક અને વેપારીઓ તેમજ ગ્રાહકોમાં તેમની સુવાસ તેમજ ચાહના ઘણી સારી. તેમને અંતરમાં ધર્મની રુચિ હોવાથી, દુકાન પર તેઓ ધર્મના ગ્રંથો વાંચતા.

ઉપાશ્રયે કોઈ સાધુ આવે તેમની સેવા કરવા કે ધાર્મિક વાર્તાલાપ કરવા દોડી જતા. દુકાનની ઉપેક્ષા કરતા.

સગાસંબંધીઓ તેમને 'ભગત' કહેતાં. તેમને વડોદરા, ભરૂચ વગેરે શહેરોમાં ખરીદી માટે જવાનો પ્રસંગ બનતો ત્યારે કોઈ વખત નાટક જોવા જતાં પરંતુ નાટકની શ્રૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર થતી અને આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એકવાર રામલીલા જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ પંક્તિથી શરૂ થતું છ કડીનું કાવ્ય એક વૈરાગ્યભીનું તેમનાથી રચાઈ ગયું. તે કાવ્ય તેમણે નોંધપોથીમાં લખી લીધેલું પણ ચોમાસામાં તળાવનું પાણી દુકાનમાં પેસી જવાથી તે નોંધપોથી પલળીને નષ્ટ થઈ ગઈ. તેમણે રાજા ભર્તૃહરિનું, મીરાંબાઈનું નાટક પણ જોયેલું અને તેમાંથી વૈરાગ્યના અધ્યાત્મની મસ્તીના ભાવોથી તે ઓતપ્રોત બની જતાં.

એ વૈરાગી આત્માએ સત્યની શોધ તેમજ સાધના માટે નિવૃત્તિને અનુકૂળ માની વેપારની પ્રવૃત્તિ છોડી દીધી. સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાચંદજી મહારાજ પાસે 'ખસ' ગામે આવી બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાની માગણી કરી.

તેમના સગપણ માટે પ્રતિષ્ઠિત શ્રીમંત ઘરનાં કહેણ આવતાં. તેમણે મોટાભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું કે 'મારું વેવિશાળ કરવાનું નથી, મારે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે, ને મારા ભાવ દીક્ષા લેવાના છે, ખુશાલભાઈ અને સગાસંબંધીઓએ તેમને ખૂબ સમજાવ્યા છતાં તેમણે માન્યું નહીં અને દીક્ષા માટે ગુરુની શોધ શરૂ કરી. સૌરાષ્ટ્ર, ગુજરાત ને રાજસ્થાનમાં ઘણા સાધુઓને મળ્યા, છેવટે સાધુ હીરાજી મહારાજ જેઓ વૈરાગી અને ચુસ્ત બ્રહ્મચારી હતા તેમની પાસે દીક્ષા લેવાનું નક્કી કર્યું અને વિ.સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ રવિવારે જન્મભૂમિ ઉમરાળામાં હાથીની અંબાડીએ બેસી દીક્ષાયાત્રા પૂર્વક દીક્ષા મહોત્સવ ઉજવાયો. હાથી ઉપર બેસવા જતાં નવું ધોતિયું નીસરણીમાં ભરાઈને ફાટી ગયું. અરે! શું વસ્ત્રસહિત મુનિપણું નહીં હોય! દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતામ્બર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો. ચાતુર્માસમાં, શાસ્ત્રાભ્યાસમાં વિશેષ નિવૃત્તિ મેળવવા એકાશનપૂર્વક એકાંતરા ઉપવાસ કરતાં. ચાર વર્ષમાં પિસ્તાલીસ આગમો, લાખો શ્લોકોની ટીકા સહિત, વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર કડક પાળતા. તેમના અભીક્ષ્ણ-જ્ઞાનોપયોગથી ગુરુ હીરાજી મહારાજ ખૂબ પ્રસન્ન હતા. એકવાર હીરાજી મહારાજે તેમને એક બહેનને ધર્મની કોઈ ગાથા સમજાવવા કહ્યું ત્યારે

વિનયપૂર્વક તેમણે પોતાના ગુરુને જણાવ્યું કે મને કોઈ સ્ત્રી સાથે વાતચીત કરવાનું કહેશો નહિ, હું તો મારા આત્માનું કાર્ય કરવા જ ઈચ્છું છું. બ્રહ્મચર્યનો કેવો રંગ! સંપ્રદાયની રીત પ્રમાણે તેમને પાત્રા રંગવાનું કામ કરવું પડતું. આટલી પ્રવૃત્તિ પણ તેમને ખટકતી. તેઓ ગુરુ સમક્ષ આ વાત કરતાં ત્યારે હીરાજી મહારાજે કહેલું કે તું પાત્રા વિનાનું મુનિપણું ક્યાંય હોય તો શોધી લાવજે. જાણે કે ભાવીનો સંકેત!

તેમને પુરુષાર્થ પ્રત્યે જ જોર હતું. બીજા મહારાજ નિયતિ, ભવિતવ્ય વગેરેની વાત કરતા તો તેઓ તેમના વિચારથી જુદા પડી જતાં.

તેમણે સત્યની શોધ જાતે જ કરવાનું નક્કી કર્યું અને વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં તેમના હાથમાં શ્રી કુંદકુંદાચાર્ય નામના દિગંબર જૈનાચાર્ય પ્રણીત 'સમયસાર' નામનો ગ્રંથ આવ્યો. તે વાંચતા જ તેમના આત્માને જે જોઈતું હતું તે મળી ગયું. તેમને લાગ્યું કે અશરીરી થવાનો ઉપાય આ શાસ્ત્રમાં બતાવ્યો છે. સમયસારની દરેક ગાથામાંથી તેમને અમૃતના ઘૂંટડાં પીવા મળ્યા. તેમની જ્ઞાનકળા હવે અદ્‌ભુત ખીલવા લાગી. તેમને જે જોઈતું હતું તે મળી ગયું. હવે તેઓ સભામાં પણ સમયસાર ઉપર પ્રવચન કરતા. દિગંબર જૈન ધર્મ જ સત્યનું પ્રરૂપણ કરે છે એવી પ્રતીતિ તેમને થઈ અને તેમણે સોનગઢ નામના નાના ગામડામાં એક એકાંત સ્થળમાં પાર્શ્વનાથ ભગવાનની છબી સમક્ષ સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩, મહાવીરજયંતીના મંગળ દિને સંપ્રદાયના ચિહ્નનો ત્યાગ કરી દિગંબર જૈનધર્મ અંગીકાર કર્યો.

આ મંગળ પરિવર્તન પછી તેમનો જીવનક્રમ બદલાઈ ગયો. સંપ્રદાયનો ત્યાગ કરનારને મળતાં બધા કષ્ટો સહન કરીને પણ તેમને સત્ય જણાયેલા પંથે તેમણે એક બે સાધુ સાથે સોનગઢમાં જ રહીને પોતાની સાધના ચાલુ રાખી. તેમના પ્રત્યે અપાર શ્રદ્ધા અને પ્રેમ ધરાવનાર તેમના અનુયાયીઓ ધીરે ધીરે તેમનો સમાગમ કરવા આવવા લાગ્યા અને મહારાજ સાહેબનો ઉપદેશપ્રવાહ પૂર્વવત વહેવા લાગ્યો. મહારાજ સાહેબનો પ્રભાવનાઉદય અનોખો હતો. સાવ નાનકડા ગામમાં હવે ગૃહસ્થોએ સ્વાધ્યાયમંદિર, શ્રી દિગંબર જિનમંદિરની રચના કરી. જો કે મહારાજ સાહેબ તો પોતાની સાધનામાં રત, આ બધા કાર્યોથી તદ્દન નિર્લેપ અને નિરપેક્ષ હતા. જ્યાં તેઓ પહેલાં સાવ એકલવાયા સાધના કરતાં ત્યાં હજારો ભક્તોની ભીડ જામવા લાગી. કેટલાય ગૃહસ્થોએ ત્યાં સાવ નિવૃત્તિ લઈને માત્ર ગુરુદેવશ્રીનો ઉપદેશ સાંભળવા જ આવીને વસવાટ કર્યો.

પૂજ્ય ગુરુદેવના હાથમાં 'સમયસાર' ગ્રંથ આવ્યો અને એનું ઘોલન કરીને તેમણે સમયસારનો, સમ્યગ્દર્શનનો મહિમા જાણ્યો, તેનો રસાસ્વાદ કર્યો અને ભગવાન મહાવીરે પ્રરૂપેલા સત્પંથે વિચર્યા એ એમનો આપણા ઉપર સૌથી મોટો ઉપકાર છે. પોતે મોક્ષમાર્ગી બન્યા અને આપણને તે દુર્લભ માર્ગ બતાવ્યો તે આપણા માટે સૌથી મોટી સૌભાગ્યની વાત હતી. ભગવાન મહાવીરે બતાવેલું જૈનધર્મનું રહસ્ય સાવ વિસરાઈ ગયું હતું તે આપણી સમક્ષ ખુલ્લું કર્યુ. આપણને સીમંધર ભગવાન, કુંદકુંદાચાર્યદેવ, સમયસાર, સમ્યગ્દર્શન અને આત્મા એવો શબ્દ પણ સાવ અપરિચિત હતો તે બધાનું સાચું સ્વરૂપ આપણને હથેળીમાં ચાંદ બતાવે એવું સ્પષ્ટ રૂડી રીતે બતાવ્યું તે ઉપકાર કેવો ગણાય તે વિચારશીલ જીવોને ઊંડાણપૂર્વક લક્ષમાં લેવા જેવું છે.

જેમ ગુરુદેવને સમયસાર સાવ અણધારી રીતે હાથમાં આવતાં તેમની બધી મુંઝવણોનો ઉકેલ આવી ગયો તેવી જ રીતે પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને વિ.સં. ૧૯૯૩ ચૈત્રવદ આઠમે સંવેદનપૂર્વકનું સાતિશય જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું અને સહજ પ્રગટેલા આ જ્ઞાનથી પૂ. ગુરદેવશ્રીના પૂર્વ, પશ્ચાત્ ભવોનો, તેમને આવતા અનેક સ્વપ્નાઓનો, તેમણે સ્વપ્નમાં જોયેલા, સાંભળેલા દૃશ્યોનો, ધ્વનિઓનો સાવ સાચો ઉકેલ મળી ગયો, બધીય આગળપાછળની વાતોનો તાળો મળી ગયો, એ વિષયમાં તેમને રજમાત્ર શંકા ન રહી. પરમ કૃપાસાગર કહાન ગુરુદેવે જરાય ગુપ્ત રાખ્યા વિના એ બધી રહસ્યગંભીર વાતો તદ્દન સરળતાથી મુમુક્ષુ સમાજને જણાવી અને આપણા ઉપર અનન્ય ઉપકાર કર્યો. પોતે તીર્થંકરનું દ્રવ્ય છે, પોતે ગતભવમાં સીમંધર ભગવાનની વાણી સાંભળી છે, પોતે ત્યાં પધારેલા શ્રી કુંદકુંદાચાર્યદેવને પ્રત્યક્ષ જોયા છે, પોતે શ્રી કુંદકુંદાચાર્યે પ્રણીત કરેલા મૂળમાર્ગની ભરતમાં પ્રભાવના કરવા જ પધાર્યા છે એવો ભગવાનની વાણીમાં આવેલો ભાવ આપણી સૌ સમક્ષ આનંદપૂર્વક રજૂ કર્યો અને તે પણ નિકટભવ્ય જીવને પરમ પ્રતીતિ ઉપજે અને ઘીથી લસલસતો શિરો ગળા નીચે સરળતાથી ઉતરે તેમ ઉતરી જાય તેવી રીતે અનેકવાર ડંકાની ચોટ પર કહે તેમ આપણને દરેક મંગળ અવસરે કેસેટ દ્વારા સાંભળવા મળે છે એના જેવો મહાન ઉપકાર ક્યો હોઈ શકે?

આ ઉપરાંત તેમના દ્વારા શાસ્ત્રોક્ત મંદિર નિર્માણ, શાશ્વત અશાશ્વત પ્રતિમાઓની સ્થાપના ભારતના પ્રમુખ તીર્થોની અનેકવાર સસંઘ યાત્રાઓ અને ભારતમાં ઠેર ઠેર વિચરીને અદ્‌ભુત વ્યાખ્યાનો દ્વારા અધ્યાત્મરસની હેલી કરીને જિજ્ઞાસુ મુમુક્ષુઓની તૃષા છિપાવી એ ઉપકારનો કોઈ જોટો ન જડે.

અનેક સત્શાસ્ત્રોનું પ્રકાશન, પ્રાચીન આધ્યાત્મિક કવિઓના અનેક સ્તોત્રકાવ્યોનું પ્રકાશન, ઘરે ઘરે સત્શાસ્ત્રોનું આગમન અને આનંદપૂર્વકનું પઠન-પાઠન, ભક્તિ અને પૂજાના પુસ્તકોનું પ્રકાશન, પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલા સત્શાસ્ત્ર ઉપરના પ્રવચનોનું અનોખું પ્રકાશન અને હજારો સી.ડી. દ્વારા તેનો ભારતભરના મુમુક્ષુઓને ત્યાં થયેલ ફેલાવો એ મહાત્માના જ ભગીરથ કાર્યનો પ્રત્યક્ષ પૂરાવો છે. સોનગઢ એટલે પૂજ્ય કાનજીસ્વામી અને સમયસાર અને સમ્યગ્દર્શન એવી પર્યાયવાચી પ્રસિદ્ધિ થઈ ગઈ છે.

પૂજ્ય કાનજીસ્વામીએ સોનગઢમાં રહીને વિ.સં. ૧૯૯૧ થી વિ.સં. ૨૦૩૭ સુધી લગભગ ૪૬ વર્ષ સુધી આત્મસાધના કરી અને આપણા ઉપર પારાવાર અકારણ કરુણા વરસાવી.

પૂજ્ય ગુરુદેવને સંયમભર્યું, સાવ સાદું, કુદરતી અને શાસ્ત્ર-સંમત નિયમોવાળું જીવન જીવવાને કારણે ખાસ બિમારી થતી નહીં. કોઈવાર સામાન્ય શરદી જેવી ઘટના બને ત્યારે તેઓ તેમની શારીરિક પ્રકૃતિથી વાકેફ એવા બોટાદના જટુભાઈ વૈદ્યની આયુર્વેદિક નિર્દોષ દવા લેતા.

પૂજ્ય ગુરુદેવશ્રીને રાજકોટના નિવાસીઓ પ્રત્યે એક પ્રકારની લાગણી હતી કે તેઓ બુદ્ધિશાળી, તત્ત્વરસિક અને સૂક્ષ્મવાતને ગ્રહણ કરનારા છે એટલે તેમના વિહાર દરમ્યાન રાજકોટમાં તેમની સ્થિતિ વધારે રહેતી. આમ રાજકોટના પરિચયથી રાજકોટના ડૉક્ટર પણ તેમના શરીરની અસ્વસ્થતામાં કાર્યરત રહેતા.

પૂજ્ય ગુરુદેવશ્રીને શરીરની ઉંમરનું ૯૧મું વર્ષ ચાલતું હતું ત્યારે શરીરની અસ્વસ્થતા થયેલી. તેમને માટે જરૂરી ગણાયેલી સારવાર માટે તેમને મુંબઈ લઈ જવામાં આવ્યા. છેલ્લામાં છેલ્લી પ્રાપ્ત સારવાર પણ પૂર્ણ આદરથી કરવામાં આવી. આપણ રંકજનોનાં સદ્ભાગ્ય પૂરા થયા હતા. એટલે પૂજ્ય ગુરુદેવ 'સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' એવો અણમોલ મંત્ર આપવારૂપ છેલ્લો ઉપકાર આપણા ઉપર કરીને પોતાના મંગળ પ્રવાસે વિ.સં. ૨૦૩૭ કારતક વદ સાતમે, સાંજે ૭ વાગ્યે ઉપડી ગયા. આપણે એમની આજ્ઞા ગણી, અવગણી કે આપણી અજ્ઞાની સમજણ પ્રમાણે એનું અર્થઘટન કર્યું પરંતુ ઉપકારમૂર્તિ તેમણે તો આપણને ૐ આશીર્વાદ જ આપ્યા.

પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ જન્મ લઈને, સાધના કરીને, પોતાના પાવિત્ર્ય, માધુર્ય અને તેજથી વ્યાપ્ત બનીને ઉમરાળાને, સોનગઢ (જિ. ભાવનગર)ને અને સારાય સૌરાષ્ટ્રને ગૌરવાન્વિત કર્યા. ધન્ય હો, ધન્ય હો, સૌરાષ્ટ્ર ધરણિ!!!

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—એકલા દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી નિશ્ચયાભાસી થઈ જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, દ્રવ્યાનુયોગના અભ્યાસથી નિશ્ચયાભાસી ન થાય પણ વ્યવહાર છે જ નહિ તેમ નિષેધ કરે તો નિશ્ચયાભાસી થઈ જાય, એથી તો કહ્યું છે કે જેને નિશ્ચયનો અતિરેક હોય તેણે વ્યવહાર ગ્રહણ કરવો અને જેને વ્યવહારનો અતિરેક હોય તેણે નિશ્ચયને ગ્રહણ કરવો.

શ્રોતા :—જે મુનિ આહારક શરીર બાંધે તેને તે ઉદયમાં આવે જ—એવો નિયમ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના; કોઈ મુનિ આહારકશરીર-નામકર્મ બાંધે પણ તેના ઉદયનો એટલે કે આહારક શરીરની રચનાનો પ્રસંગ કદી ન આવે, વચ્ચેથી જ તે પ્રકૃતિનો છેદ કરીને મોક્ષ પામી જાય. પરંતુ તીર્થંકરનામકર્મમાં એવું ન બને, તીર્થંકરનામકર્મ તો જેને બંધાય તે જીવને નિયમથી તે ઉદયમાં આવે જ.

આહારકશરીર—પ્રકૃતિ સાતમા કે આઠમા ગુણસ્થાને બંધાય છે છઠ્ઠા ગુણસ્થાને ઉદયમાં આવે છે. કોઈ જીવ ક્ષપકશ્રેણી વખતે આહારકશરીર બાંધે ને સીધો કેવળજ્ઞાન પામે, છઠ્ઠે ગુણસ્થાને પાછો આવે જ નહિ એટલે તેને આહારકશરીરની રચનાનો પ્રસંગ ન આવે. છઠ્ઠા ગુણસ્થાને આહારકશરીરની રચનાવાળા મુનિવરો એક સાથે વધુમાં વધુ (૫૪) ચોપન હોય છે.

શ્રોતા :—અગિયાર અંગધારી દ્રવ્યલિંગીની શું ભૂલ રહી જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વસન્મુખ દૃષ્ટિ કરતો નથી અતીન્દ્રિય પ્રભુની સન્મુખ દૃષ્ટિ કરતો નથી.

શ્રોતા :—દ્રવ્યલિંગી સ્વસન્મુખનો પ્રયત્ન કરતો નહિ હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, તેને ધારણામાં બધી વાતો આવે છે પણ અંતરમુખનો પ્રયત્ન કરતો નથી.

શ્રોતા :—દ્રવ્યલિંગીની ભૂમિકા કરતા સમ્યક્ સન્મુખની ભૂમિકા કંઈક ઠીક છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, દ્રવ્યલિંગી તો સંતોષાઈ ગયો છે અને સમ્યક્ સન્મુખવાળો તો પ્રયત્ન કરે છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :— મનુષ્ય કરતાં ચકલાની શક્તિ વધારે હોય છે કે તેને સમ્યગ્દર્શન થઈ જાય છે ?

પૂજ્ય બહેનશ્રી :—શક્તિ વધારે નથી પણ પૂર્વભવમાં સાંભળેલું હોય છે, એવા સંસ્કાર નાંખેલા છે. તેથી આત્મા જાગી ઊઠે છે. મનુષ્યમાં શક્તિ વધારે છે, પણ જે પુરુષાર્થ કરે તેને ભાવભાસન થાય છે. ચકલાને પૂર્વના સંસ્કાર છે, પૂર્વે દેવ–ગુરુ આગળ સાંભળેલું હોય છે તેમાંથી તેને સંસ્કાર જાગી ઊઠે છે અને ચૈતન્ય ગ્રહણ કરી લે છે, ભાવભાસન થાય છે.

શ્રોતા :–કોઈને શાસ્ત્ર-અભ્યાસ કરવાની શક્તિ વધારે હોય, કોઈને ઓછી હોય પણ રુચિનો ભાવ વધારે હોય તો પકડી શકે ?

પૂજ્ય બહેનશ્રી :—કોઈને અભ્યાસ કરવાની શક્તિ ઓછી હોય, એટલે કે કોઈને શાસ્ત્રનું જ્ઞાન ઓછું હોય, તો પણ જો તેને રુચિ વધારે હોય તો તેને ભાવ-ભાસન થઈ જાય કે આ હું ચૈતન્ય છું. શાસ્ત્રનો અભ્યાસ વધારે કરવો પડે એમ નહિ; કેટલાકને શાસ્ત્રનો અભ્યાસ ઝાઝો કરવો ન પડે, અને એકદમ પુરુષાર્થ ઊપડે.

શ્રોતા :—પુરુષાર્થ કરવાનાં પાંચ કારણો છે તેમાં મુખ્ય કારણમાં શું લેવું ?

પૂજ્ય બહેનશ્રી :—કાળલબ્ધિ આદિ હોય પણ તેમાં પુરુષાર્થ મુખ્ય છે. દરેકમાં પુરુષાર્થ તો ભેગો જ હોય. પોતાનો પુરુષાર્થ કારણ બને છે તે સાથે ક્ષયોપશમ–એવી જાતનો ઉઘાડ હોય છે, કાળ પાકેલો હોય છે. પોતાનો પુરુષાર્થ મુખ્ય કારણ બને છે ને બાકીનાં કારણો દરેકમાં સાથે હોય છે. પુરુષાર્થની કચાશે બધી કચાશ છે.

તું તૈયાર થા, તારો પુરુષાર્થ તૈયાર થાય તો બધાં કારણો આવીને મળે છે, કોઈ કારણો બાકી રહેતાં નથી. તારા પુરુષાર્થની કચાશે કચાશ છે. પુરુષાર્થ કરનારને મારો કાળ પાક્યો નથી, મને કાંઈ સાંભળવા મળ્યું નથી–દેશનાલબ્ધિ મળી નથી, એવું હોતું નથી. તારો પુરુષાર્થ જાગ્યો હશે તો બધાં કારણો તને અંદર આવીને મળશે. જો તારો પુરુષાર્થ મંદ હશે, જો તારા પુરુષાર્થમાં કચાશ હશે તો બધી કચાશ છે. જેને અંતરમાંથી કરવું છે તેને મને દેશના મળી નથી એમ ન હોય, હું કર્યા વગર રહેવાનો જ નથી એમ જેને હોય તેને દેશના મળી જ હોય. જેનો પુરુષાર્થ ઊપડે તેને દેશના, કાળ વગેરે બધું પાકેલું જ હોય છે. એવો પુરુષાર્થની સાથે દરેક કારણોને સંબંધ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૧૧) તા. ૪-૨-૧૪ થી ૬-૨-૧૪ જામનગર ત્રણ દિવસ તથા વેદીપ્રતિષ્ઠા

(૧૨) તા. ૧૬-૨-૧૪ ઘાટકોપર એક દિવસ

(૧૩) તા. ૧૭-૨-૧૪ થી ૨૦-૨-૧૪ બોરીવલી ચાર દિવસ

(૧૪) તા. ૧-૩-૧૪ થી ૨-૩-૧૪ સુરત(ગોપીપુરા)

(૧૫) તા. ૨-૩-૧૪ અમદાવાદ(ખાડિયા) એક દિવસ

(૧૬) તા. ૮-૩-૧૪ થી ૧૦-૩-૧૪ સુરેન્દ્રનગર(શાંતિનાથ મંદિર) ત્રણ દિવસ

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલા અધ્યાપકોએ અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની વદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; ને પ્રાણ ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્વાસ છે. ૩૦.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## (૧૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૨૦૧) કેવળી-સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી તે .................. નું બળ જાણવું.

(૨૦૨) તેથી ન કરવો રાગ જરીએ ક્યાંય પણ ......................

(૨૦૩) શ્રુતકેવળીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને સમ્યક્ત્વ કહે અને કેવળજ્ઞાનીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને .................... સમ્યક્ત્વ કહે છે.

(૨૦૪) એક સૂર્ય અને એક ચંદ્ર સાથે .................... નક્ષત્ર ................ ગ્રહ અને .................. ક્રોડાક્રોડી તારાઓનો સમૂહ (પરિવાર) રહે છે.

(૨૦૫) મિથ્યાદૃષ્ટિ જીવને પુણ્યપ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ ......................... નો થાય છે.

(૨૦૬) કલ્યાણમંદિર સ્તોત્ર ............................ એ રચેલ છે તથા તેમાં .................. ભગવાનની સ્તુતિ કરેલ છે.

(૨૦૭) દીક્ષા પહેલા પૂજ્ય ગુરુદેવશ્રીની દુકાન .................. ગામમાં હતી.

(૨૦૮) વિકલત્રય તિર્યંચ ફક્ત ..................... માં જ રહે છે

(૨૦૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા ...................... ગામમાં સંવત ૧૯૭૦ના માગશર સુદી ............ ને ................ વારે લીધી હતી.

(૨૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા પહેલા વડોદરામાં.................. નાટક જોયું હતું અને ભાવનગરમાં ....................... નું નાટક જોયું હતું.

(૨૧૧) દ્વિતીયોપશમ સમ્યક્ત્વ ................ ગુણસ્થાનથી લઈને ............... ગુણસ્થાન સુધી હોય છે.

(૨૧૨) .......................આચાર્યદેવે આજીવન વસ્ત્ર ગ્રહણ કર્યા ન હતા.

(૨૧૩) ક્ષયોપશમ સમ્યક્ત્વનું બીજું નામ ...................... છે.

(૨૧૪) કષાયોનાં અસંખ્યાત ......................... સ્થાન છે.

(૨૧૫) ભરત ચક્રવર્તી ....................... વર્ષ ચક્રવર્તીપદમાં રહ્યા હતા.

(૨૧૬) જે જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત કરે તેને ................... કર્મ કહે છે.

(૨૧૭) જે જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત ન કરે તેને ................ કર્મ કહે છે.

(૨૧૮) છ પર્યાપ્તિના નામો (૧) ................. (૨) ................ (૩) ..............
(૪) .............. (૫) .................(૬) .......................... છે.

(૨૧૯) મહાવિદેહક્ષેત્ર સંખ્યા અપેક્ષાએ ........................ છે.

(૨૨૦) મહાકષ્ટે અથવા મરીને પણ તું તત્ત્વનો કૌતુહલી થા. આ સમયસારનો ................ કળશ છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન માર્ચ-૨૦૧૪ના ઉત્તર

(૧૮૧) પુરુષાર્થ　બોલ નં. ૭

(૧૮૨) સંસ્કાર　બોલ નં. ૫૦

(૧૮૩) પુરુષાર્થ　બોલ નં. ૬૦

(૧૮૪) બંધાયેલો　બોલ નં. ૮૦

(૧૮૫) શાશ્વત　બોલ નં. ૯૯

(૧૮૬) જીવતર　બોલ નં. ૧૪૫

(૧૮૭) ભૂમિકા　બોલ નં. ૧૮૪

(૧૮૮) ચળકતા, જ્ઞાનબોલ નં. ૧૯૭

(૧૮૯) લૌકિક　બોલ નં. ૨૨૯

(૧૯૦) ચરણકમળની દાસત્વ　બોલ નં. ૨૬૯

(૧૯૧) કાળ　બોલ નં. ૨૭૫

(૧૯૨) આત્મ　બોલ નં. ૨૮૧

(૧૯૩) જીવ જરૂર　બોલ નં. ૩૦૬

(૧૯૪) પ્રમત્ત–અપ્રમત્તપણામાં બોલ નં. ૩૨૮

(૧૯૫) સ્થિરતા-શ્રદ્ધા બોલ નં. ૩૪૯

(૧૯૬) સિદ્ધ　બોલ નં. ૩૬૧

(૧૯૭) પ્રયોજન　બોલ નં. ૩૮૧

(૧૯૮) વિભાવભાવ　બોલ નં. ૪૦૧

(૧૯૯) શુદ્ધાત્મા　બોલ નં. ૪૧૨

(૨૦૦) સુખ　બોલ નં. ૪૧૯

## (૧૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૨૦૧) પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના સગાસંબંધીઓ ....................કહીને બોલાવતા હતા.

(૨૦૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર સભામાં ................વાર વાંચ્યું હતું.

(૨૦૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ ...................... ભગવાનના ફોટા સમક્ષ પરિવર્તન કર્યું હતું.

(૨૦૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં સંપ્રદાયના ગુરુનું નામ ....................... મહારાજ હતું

(૨૦૫) નંદીશ્વર દ્વીપની એક દિશામાં ..................... જિનાલય હોય છે.

(૨૦૬) પૂ. બહેનશ્રીને સમ્યક્દર્શન ................ વદ.......... ના રોજ થયું હતું.

(૨૦૭) ૨૪ તીર્થંકરમાંથી ''મ''થી શરૂ થતા ૧) ......................... ૨) ................. ૩) ...................... ભગવાન છે.

(૨૦૮) જીવોની સંખ્યા સ્વર્ગમાં વધુ કે મોક્ષમાં ?...................

(૨૦૯) પંચપરમેષ્ઠીમાંથી પૂરા જ્ઞાની (સુખી) ................... (૨) ...................... છે.

(૨૧૦) બાહુબલીની બહેન બાલબ્રહ્મચારી ૧) .................. (૨) ................. હતી

(૨૧૧) તીર્થંકર ભગવાનને ભવનવાસી દેવોનાં કેટલા ઇન્દ્રો નમન કરે છે? ................

(૨૧૨) નિશંકગુણમાં ....................... પ્રસિદ્ધ થયા.

(૨૧૩) એક પુદ્ગલ પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને .................... કહે છે.

(૨૧૪) આ વૈશાખ સુદ ૨ના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીનો ................મો જન્મોત્સવ ઉજવવામાં આવશે.

(૨૧૫) જે શક્તિના કારણે દ્રવ્યમાં પ્રયોજનભૂત ક્રિયા હોય તેને ................ ગુણ કહે છે.

(૨૧૬) રાવણની પત્નીનું નામ .............................. હતું.

(૨૧૭) પાર્શ્વનાથ ભગવાનના સમવસરણમાં ........................ ગણધર હતા. તેમાં મુખ્ય ................... હતા.

(૨૧૮) રાવણનું મૃત્યુ ......................ના હાથે થયું હતું.

(૨૧૯) ભાવસ્વરૂપ ગુણને ......................... ગુણ કહે છે.

(૨૨૦) મહાવીર ભગવાનનો જન્મ ................નગરમાં થયો હતો.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ-૨૦૧૪ના ઉત્તર

(૧૮૧) વઢવાણ
(૧૮૨) તેજબા, જેઠાલાલ
(૧૮૩) ૧૮
(૧૮૪) ૧૯૯૩, આઠમ
(૧૮૫) વજુભાઈ, હિંમતભાઈ
(૧૮૬) વાંકાનેર
(૧૮૭) આત્મામાં, આનંદ
(૧૮૮) લગની, માર્ગ
(૧૮૯) જ્ઞાન
(૧૯૦) જગતમાં, પૈસા
(૧૯૧) ઝેર, કાળો સર્પ
(૧૯૨) જ્ઞાયક
(૧૯૩) બંધ, ઉદય
(૧૯૪) રુચિનો, ઉપયોગનો
(૧૯૫) આત્માની, ખટક
(૧૯૬) વિકલ્પમાં
(૧૯૭) સંસ્કાર, સત્
(૧૯૮) આત્માને, જીવન
(૧૯૯) ચૈતન્યની
(૨૦૦) દેહ, દશા, સત્પુરુષ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

* નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું આલંબનનું જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્‌પ્રમાણ છે. ૫૧.

* શુદ્ધ ચૈતન્યધ્રુવના ધ્યાને જેને સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું છે તેવા જીવને આવી પર્યાયની યોગ્યતાઓ હોય છે. (અનેક પ્રકારની) તેવું જ્ઞાન થાય છે. પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે. ૫૨.

* અહો! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે. માટે તે માત્ર જાણવાયોગ્ય છે. ધ્યાનના વિષયમાં વિવેકને–જ્ઞાનને (પર્યાયને) લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૫૩.

* પ્રશ્ન :–(વ્યવહાર અને નિશ્ચય) બે નયોને જાણવાનું કહ્યું છે ને ?

ઉત્તર :–જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે. પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્ય દ્રવ્ય છે તે જ આશ્રય કરવા યોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે. ૫૪.

* (દરેકને) દેહ છૂટવાનો કાળ સમયે સમયે નજીક આવી રહ્યો છે. જો વાસ્તવિકપણે એ દેહને નહિ છોડે તો દેહ છૂટવા ટાણે ખરેખર એણે દેહને છોડ્યો નથી પરંતુ દેહે એને છોડ્યો છે. આગમમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે એના સમ્યક્ નિર્ણય વિના એ વાસ્તવિકપણે દેહને છોડી શકશે નહીં. ૫૫.

Posted at Songadh PO
Publish on 1-04-2014
Posted on 1-04-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્માના આશ્રયે જ્ઞાન વધે છે

આત્માના આશ્રયે જે જ્ઞાન પ્રગટ થયું તેનાં વડે નિર્ણય થાય છે. ખરેખર શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન નિર્મળ થાય છે એમ નથી પણ આત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી અને (તોપણ) શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરે છે. તેને અહીં નિમિત્તના કથન કરીને શાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે એમ કહેલ છે. જો શાસ્ત્રથી જ્ઞાન નિર્મળ થતું હોય તો વધારે શાસ્ત્ર ભણે તો આત્મામાં નિર્મળતા થાય, પણ તેમ નથી. આત્માના આશ્રયે જ્ઞાન વધે છે, તેમાં શાસ્ત્રાભ્યાસ નિમિત્તમાત્ર છે. આત્માના આશ્રયે નિર્ણય થાય છે એને શાસ્ત્રનાં અભ્યાસથી નિર્ણય થાય છે એમ નિમિત્તથી કહેલ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org